
પેજ નં. ચાર ઉપર

# શ્રદ્ધાંજલી શ્રી મફતભાઈને...

સદ્‌ગતનો પાર્થિવ દેહ ‘અંકુર’ માં દર્શનાર્થે મુકાયો, ચક્ષુદાન અને દેહદાન કરાયું.



એક દશકામાં ‘અંકુર’ શાળા ને ગુજરાતની શ્રેષ્ઠ સંસ્થાની હરોળમાં લાવી મૂકી.

PNR સો., બે.મૂં. શાળા અને ફોરમની સંસ્થાઓ
કોશિશ થી કામયાબી
Since 1-8-1974
વિકલાંગોના પુનઃસ્થાપનની પ્રવૃત્તિનું માસિક
૧૫ ફેબ્રુઆરી - ૨૦૨૩, અંક નં. ૧૨૨ / ૪૮૮

## અનંત ત્રિપુટીનો વધુ એક સિતારો શ્રી મફતભાઈનો જીવનદીપ બુઝાયો

Koshish Thi Kamyabi ◆ RNI No. GUJGUJ/2013/48176 ◆ Postel Reg. No. L2/36/RNP/BVR-414/2022-24◆ Monthly
Date of Publication : 15 Feb.- 23 ◆ Posted at 20th of every month at BHAV.RMS ◆ Subscription Rs. 150 per year (12 Issue) ◆ Total Page : 32

# બહેરાં મૂંગા શાળા તસ્વીર સમાચાર



શ્રવણયંત્ર વિતરણ



શૃંગાર પ્રોજેક્ટ



બી.એડ્. કૉલેજ ઈન્સ્પેક્શન



એથ્લેટિક્સ ટીમ

## પ્રવાસ



પ્રમુખસ્વામી શતાબ્દી મહોત્સવ



સ્ટેચ્યુ ઓફ યુનીટી



હસ્તગિરિ



બોરતળાવ

# કોશિશ થી કામયાબી

**આ અંકમાં ...**


- બહેરાં મૂંગા શાળા તસ્વીર સમાચાર. . . . . . . . . . . ૦૨
- INDEX . . . . . . . . . . . . . . . . . . . . . . . ૦૩
- સ્વ. મફતભાઈ જીવન ઝરમર . . . . . . . . . . . . ૦૪
- 'સેવાને સમર્પિત સાથી મફતભાઈ'. . . . . . . . . . . ૦૫
- CONTENTS AT A GLANCE . . . . . . . . . . ૦૬
- પ્રાર્થના સભા . . . . . . . . . . . . . . . . . . . ૦૬
- ગુજરાતમાંની ત્રણ ઈન્કલુઝિવ સ્કૂલ પૈકીની એક છે ભાવનગરમાં... . . . . . . . . . . . . ૦૭
- શેઠ શ્રી વી. સી. લોઢાવાળા હૉસ્પિટલ . . . . . . . . ૦૮
- પી. એન. આર. હૉસ્પિટલ . . . . . . . . . . . . ૦૯
- પ્રવીણચંદ્ર દલાલ ડિસેબિલિટી પ્રિવેન્શન સેન્ટર . . . . . ૧૦
- સેરિબ્રલ પાલ્સી બાળકોની વિશિષ્ટ શાળા . . . . . . . ૧૧
- નટરાજ સી.પી. હોસ્ટેલ . . . . . . . . . . . . . . ૧૨
- કે. એન. શાહ 'હાઈટેક' ઈન્કલુઝિવ સ્કૂલ . . . . . . . ૧૩
- સાફલ્ય ગાથા . . . . . . . . . . . . . . . . . . . ૧૪
- સ્વ. મફતભાઈની યાદગાર તસ્વીરો . . . . . . . . . . ૧૫
- ટિચર્સ ટ્રેનિંગ કોલેજ વિઝયુઅલી ઈમ્પાયર્ડ . . . . . . . ૧૯
- એ. ટી. એન્ડ ટી. ટેકનોલોજી ઈન્સ્ટિટ્યૂટ . . . . . . . ૧૯
- દિશા કમ વિકાસ પ્રોજેક્ટ . . . . . . . . . . . . . ૨૦
- નટરાજ કૉલેજ લાઈબ્રેરી . . . . . . . . . . . . . ૨૧
- સકસેસ સ્ટોરી . . . . . . . . . . . . . . . . . . ૨૧
- તળાજા રિસોર્સ સેન્ટર ખાતે પતંગોત્સવની ઉજવણી . . . ૨૧
- શ્રી શાહ ખી. લ. બહેરાં મૂંગા શાળા (પ્રાથમિક વિભાગ) ૨૨
- 'સ્પોર્ટસ : સ્ટેટ લેવલ ટુર્નામેન્ટ' . . . . . . . . . . ૨૩
- શ્રવણમંદોની માધ્યમિક અને ઉ. મા. શાળા . . . . . . ૨૪
- પી.આર. વાધર આર્ટિફિશ્યલ લિમ્બ સેન્ટર . . . . . . ૨૫
- શ્રી કે. કે. અજમેરા ટિચર્સ ટ્રેનિંગ કૉલેજ . . . . . . . ૨૫
- સ્લો-લર્નર તેમજ લર્નિંગ ડિસેબિલિટી ધરાવતા બાળકોને શોધવા એસેસમેન્ટ કેમ્પનું આયોજન . . . . . ૨૬
- ડૉ. કુબેરભાઈ ડીંડોર પત્ર . . . . . . . . . . . . . ૨૭
- 'અંકુર' મંદબુદ્ધિવાળાં બાળકોની શાળા . . . . . . . ૨૮
- સ્વ. શશીકાંત સાકરલાલ વેલાણી ટિચર્સ ટ્રેનિંગ કોલેજ ફોર આઈ.ડી. ચિલ્ડ્રન . . . . . . ૨૯
- વિવિધા . . . . . . . . . . . . . . . . . . . . . ૨૯
- ડોનેશન લિસ્ટ. . . . . . . . . . . . . . . . . . . ૩૦
- PNR સોસાયટીમાં લોકાર્પણ કાર્યક્રમ . . . . . . . . . ૩૦
- પી.એન.આર. સોસાયટી તસ્વીર સમાચાર . . . . . . . ૩૧


**પ્રિય વાચક મિત્રો,**

**'કોશિશ થી કામયાબી'** મેગેઝિન આપના હાથમાં મૂકતાં આનંદની લાગણી અનુભવું છું.

## અલવિદા મફતભાઈ !!!

નવજવાન સંઘની શરૂઆતથી સાથે રહેલાં, 'અનંત ત્રિપુટી' માંના સ્વ. અંતુભાઈ રાવળ પછીના, બીજા અગત્યના સેવાભાવી અનંત એ. શાહ, ૮૪ વર્ષની ઉંમરે પોતાના નામ પ્રમાણે 'અનંત' ની યાત્રાએ તા. ૨૭-૧ ના રોજ નીકળી પડયા. 'મફતભાઈ'ના હુલામણા નામથી ઓળખાતો આ સિતારો પંચમહાભૂતમાં વિલીન થઈ ગયો.

PNR અને તેની સંલગ્નિત તમામ સંસ્થાઓમાં છેલ્લાં ૭૦ વર્ષથી તેઓ અવિરત સેવા આપતા હતાં. તેમાં પણ સોલ્ટ રીસર્ચમાંથી રીટાયર્ડ થતાં, શ્રી બાબાભાઈના સૂચનથી 'અંકુર' (મંદબુધ્ધિવાળા બાળકોની શાળા)માં ચીટકીને બેઠા અને આ સંસ્થાનું સુકાન સફળતાથી સંભાળી અને ગુજરાતની આ ક્ષેત્રે અગ્ર હરોળની સંસ્થા બનાવી.

સ્વ. મફતભાઈ સાદગી, સરળતા અને સૌમ્યતાના પ્રતીક હતાં. તેઓ સંસ્થાકીય ભાવાવરણના જ્ઞાતા હતા. ઉપરાંત સંગીત, સાહિત્ય, કલા, શિક્ષણ અને સેવાકિય ક્ષેત્રે આજીવન પ્રવૃત્ત રહ્યા હતા.

તેઓના જવાથી તેમના પરિવારને તો ખૂબ ખોટ પડશે, પણ આપણી તમામ સંસ્થાઓએ એક નેકદિલ ઈન્સાન, દિવ્યાંગ બાળકો માટે જીવન પર્યન્ત સેવા કરનાર અને મૃત્યુ પછી પણ સમાજ સેવા માટે ચક્ષુદાન અને દેહદાન કરનાર અને વ્યકિતગત રીતે આ 'કોશિશ' મેગેઝિનમાં મારા માર્ગદર્શક અને વડીલ મિત્ર એવા આ વિરલ વ્યકિતત્વને આપણે હૃદયપૂર્વક શ્રધ્ધાંજલી આપી, તેઓના આત્માના શ્રેયાર્થે પ્રાર્થના કરીએ.

**✍ કિરીટ રાઠોડ**

**સાદાઈ, સચ્ચાઈ અને સદ્‌ગુણ વગર કોઈ વ્યક્તિમાં મહાનતા આવી શકે જ નહીં.**

**- લિયો ટોલ્ટોય**

રશિયન નાટયકાર અને નવલકથાકાર


- **Koshish Thi Kamyabi**
  RNI No. GUJGUJ/2013/48176
  Postel Reg. No. L2/36/RNP/
  BVR-414/ 2022-24, Monthly
- **અંક નં. : ૧૨૨ / ૪૮૮**
  ૧૫ ફેબ્રુઆરી - ૨૦૨૩
- **પ્રકાશક : શ્રી ખી. લ. બહેરાંઓની સંસ્થા**
  ૫૧, વિદ્યાનગર, ભાવનગર-૩૬૪ ૦૦૨.
  ફોન : ૨૪૨૯૩૨૬, ૨૪૨૦૮૩૬
  ૨૪૩૧૧૬૦
  **E-mail** : info@pnrsociety.org
  klinstitute.deaf@gmail.com
  **Visit us** : www.pnrsociety.org
  www.klinstitutedeaf.org
- તંત્રી
  **અનંત કે. શાહ**
- સહતંત્રી
  **અશ્વિન પંડ્યા**
  **કિરીટ રાઠોડ**
- પ્રિન્ટિંગ
  **અંબા ઑફસેટ,** ગાંધીનગર.
- 'કોશિશ થી કામયાબી' લવાજમ
  **આજીવન રૂ. ૨૫૦૦, વાર્ષિક રૂ. ૧૫૦**
- **ચેક ''શ્રી ખી. લ. બહેરાં મૂંગા શાળા, ભાવનગર''ના નામનો આપવા**
- ગ્રાફિક્સ એન્ડ ડિઝાઈન
  **રાજેશ પટેલ**
- સંપાદક મંડળ
  **ફાલ્ગુની ખાટસુરિયા**
  **ગજાનંદ ભટ્ટ**
  **જ્યોતિ ભટ્ટી**
  **આરિફ જેઠવા**
  **પારસ શાહ**
  **ભરત કનાડા**
  **રાજેશભાઈ હકાણી**
- **જાહેરાતના દર : (મેગેઝિન સાઈઝ - A4)**

| | | |
|---|---|---|
| બીજું ટાઈટલ પેજ - મલ્ટિ કલર | : | રૂ. ૧૦૦૦૦ |
| ત્રીજું ટાઈટલ પેજ - મલ્ટિ કલર | : | રૂ. ૧૦૦૦૦ |
| ચોથું ટાઈટલ પેજ - મલ્ટિ કલર | : | રૂ. ૧૦૦૦૦ |
| ફુલ પેજ - સિંગલ કલર | : | રૂ. ૫૦૦૦ |
| હાફ પેજ - સિંગલ કલર | : | રૂ. ૨૫૦૦ |
| ક્વાટર પેજ - સિંગલ કલર | : | રૂ. ૧૫૦૦ |




# સ્વ. મફતભાઈ જીવન ઝરમર

## શાહ અનંતરાય અમૃતલાલ 'મફતભાઈ' (ભાવનગર)

**જન્મ તા.** ૨૪-૭-૧૯૩૯

**મૃત્યુ તા.** ૨૭-૧-૨૦૨૩

**અભ્યાસ :** બી.એ., એલ.એલ.બી., બી. લીબ.

**સર્વિસ :** ગ્રંથપાલ-સેન્ટ્રલ સોલ્ટ એન્ડ મરિન કેમિકલ રી. ઈન્સ્ટિ. (નિવૃત્તી-૧૯૯૯)

**કુટુંબ :** સ્વ. ઈન્દુબેન (પત્નિ), ચંદ્રેશભાઈ (પુત્ર), ભાવનાબેન અને રેશ્માબેન (પુત્રીઓ)

### સેવાકીય પ્રવૃત્તિઓ :

- ૧૯૫૪ માં નવજવાન સંઘના ફાઉન્ડર મેમ્બરથી શરુ કરી, PNR અને તેની સંલગ્નિત તમામ સંસ્થાઓમાં મહત્વના હોદ્દાઓ અને એક્ઝિક્યુટિવ મેમ્બર તરીકે શ્રેષ્ઠત્તમ કાર્ય કર્યું.
- 'સરગમ' સંસ્થા ભાવનગરના પણ તેઓ સ્થાપક સભ્ય હતા. NAB અને વડવા વ્યાયામ મંદિરમાં પણ સક્રિય હતા.

### એવોર્ડઝ / સન્માન :

- દિવ્યાંગો માટે શ્રેષ્ઠ સેવા-૨૦૦૨ (ગુજરાત સરકાર), **શ્રી નરેન્દ્રભાઈ મોદી (મુખ્યમંત્રીશ્રી)** ના હસ્તે.
- શ્રેષ્ઠ નાગરિક સન્માન-૨૦૦૭, ભાવનગર (શિશુવિહાર), **શ્રી કનુભાઈ કળસરિયા (ધારાસભ્યશ્રી)** ના હસ્તે.
- શ્રેષ્ઠ NGO મંદબુધ્ધિવાળા બાળકોના કલ્યાણ માટે-૨૦૧૨, **રાજ્ય સરકાર** દ્વારા
- મંદબુધ્ધિવાળા બાળકો માટે વિશિષ્ટ કામગિરી એવોર્ડ-૨૦૧૪, **સોસાયટી ફોર વેલ્ફેર એન્ડ મેન્ટલ રિટાર્ડેડ**, અમદાવાદ


આ ઉપરાંત અન્ય સન્માનો પણ તેમને મળ્યાં છે.

### અનંત ત્રિપૂટી

ભાવનગરમાં દિવ્યાંગ બાળકોની શ્રેષ્ઠ શાળાઓ સ્થાપનાર અનંત ત્રિપૂટીમાં મફતભાઈ પણ એક હતાં.

### ચીટકીને બેઠાં

સ્વ. મફતભાઈની ૭૦ કરતા વધુ વરસની તેમની સામાજિક સેવાની સફર રહી છે. સોલ્ટ રીસર્ચમાંથી રીટાયર્ડ થયા અને બાબાભાઈએ



## પાર્થિવ દેહ 'અંકુર' માં દર્શનાર્થે મુકાયો. ચક્ષુદાન અને દેહદાન કરાયું

તેમને 'અંકુર' મંદબુધ્ધિવાળા બાળકોની સંસ્થા સંભાળવા કહ્યું. તે ચીટકીને બેઠાં. શ્રેષ્ઠ સંસ્થા બનાવીને રહ્યાં.

### પુસ્તકાલય

પુસ્તકાલય તેમનું જીવન હતું. સંસ્થાઓમાં જે-તે વિષયના શ્રેષ્ઠ પુસ્તકો તેમણે વસાવ્યા. શિક્ષકો ખૂબ વાંચે તેવો આગ્રહ હંમેશા રાખતા.

### સંગીત :

સંસ્થાઓમાં સંગીત-નાટયના સાંસ્કૃતિક કાર્યક્રમોમાં તેમનું મહત્વનું પ્રદાન હતું. બહુ સારા દિગ્દર્શક હતાં. સંતોષ ન થાય ત્યાં સુધી કોઈ કૃતિને સ્ટેજ પર રજૂ કરવાની મંજુરી આપતા નહીં.

> **''વિઝનરી શ્રી મફતભાઈએ એક દશકમાં 'અંકુર' ને ગુજરાતની શ્રેષ્ઠ હરોળમાં લાવી મૂકી.'**
> **- બાબાભાઈ**

### આત્મબળ :

મફતભાઈમાં ગજબનું આત્મબળ હતું. તેમના પત્ની ઈન્દુબહેનના અવસાન પછી, પુત્રી રેશ્મા સાથે જીવન વ્યતિત કરતા હતાં. રેશ્મા અને સંસ્થા તેમના જીવન જીવવા માટેના પ્રેરકબળ હતાં. છેલ્લા કેટલાક વરસથી તબીયત નરમ ગરમ રહેતી હતી, ચાલવાની ગતિ ધીમી પડી ગઈ હતી. છતાં સંસ્થામાં તેમની નિયમિત હાજરી રહેતી. આવું આત્મબળ ભાગ્યે જ જોવા મળે છે.

### ચક્ષુદાન - દેહદાન :

મફતભાઈએ દિવ્યાંગ બાળકો માટે જીવન પર્યંત સેવા કરી અને મૃત્યુ પછી પણ પોતાનો દેહ ચક્ષુદાન - દેહદાન માટે સમાજને અર્પણ કર્યો. આમ જીવ્યા પણ સમાજ માટે, મર્યા પણ સમાજ માટે.

### અંતિમ ઈચ્છા :

તેમની ઈચ્છા હતી તેમનું મૃત્યુ ગમે ત્યાં થાય, પણ તેમના મૃતદેહને છેલ્લે 'અંકુર' મંદબુધ્ધિવાળા બાળકોની શાળામાં દર્શનાર્થે મૂકવામાંઆવે. ''હું અંકુરમાંથી વિદાય લઈને પરમશાંતિ અનુભવવા માંગુ છું.'' તે મુજબ તેમનું ચક્ષુદાન કરીને તેમનો પાર્થિવદેહ દર્શનાર્થે અંકુરમાં રાખવામાં આવ્યો હતો અને PNR અને તમામ સંલગ્નિત સંસ્થાઓના આગેવાનો, કર્મચારીઓ તથા સગા સ્નેહીઓએ તેમને અશ્રુભીની આંખે શ્રધ્ધાંજલી આપીને વિદાય આપી હતી. અને ત્યારબાદ દેહદાન માટે રેડક્રોસ સંસ્થાને તેમનું પાર્થિવ શરીર સોંપવામાં આવેલ.

# 'સેવાને સમર્પિત સાથી મફતભાઈ'

- બાબાભાઈ



**મોટા કલાકારો વચ્ચે બાળકલાકાર મફતભાઈ હાર્મોનિયમ ઉપર બેસીને સૂર રેલાવતા હોય એ જોઈને અમે રોમાંચ અનુભવતા**

ઉપાશ્રયના ઓટા પરના મારા બીજા સાથી તે મફતભાઈ. એમનું ખરું નામ મારી જેમ અનંત શાહ. સંસ્થાના અમે ત્રણ સૂત્રધાર. ત્રણેયના નામ અનંત ! કેવો યોગાનુયોગ ! પછી ખુશી-ખુશી લોકો અમને અનંત ત્રિપુટી કહેવા લાગ્યા. મફતભાઈ બાળ કલાકાર તરીકે સંસ્થામાં જોડાયેલા. પિતાજીનો હાર્મોનિયમ વગાડવાનો શોખ તેને વારસામાં મળેલો. કલ્યાણ કેન્દ્ર તરફથી અમારા વોર્ડમાં યુવાનોનું સંગઠન રચવા એક સાંસ્કૃતિક કાર્યક્રમ થવાનો હતો. તેની પ્રેક્ટિસમાં મોટા-મોટા કલાકારો વચ્ચે બાળકલાકાર મફતભાઈ હાર્મોનિયમઉપર બેસીને સૂર રેલાવતા હોય, એ જોઈને અમે રોમાંચ અનુભવતા. ત્યારની ઘડી ને આજનો દિવસ. મફતભાઈ હંમેશા સાંસ્કૃતિક કાર્યક્રમોનું નિદર્શન કરીને સંસ્થાને એક નવી ઊંચાઈ પર લઈ ગયા છે.

## કુશળ એડમિનિસ્ટ્રેટર


પછી નવજવાન સંઘની સ્થાપના થઈ. દરબારગઢ વોર્ડમાં રહેતા હોય એ જ સભ્ય થઈ શકે. મફતભાઈ બહાર રહેતા હતા. અમારે તેને સાથે લેવા હતા. બંધારણમાં ખાસ પ્રોવિઝન કર્યું. સાથે લીધા તે લીધા ! આજ સુધી ફરજ નિભાવી રહ્યા હતા. ગ્રેજ્યુએટ થઈને એ સેન્ટ્રલ સોલ્ટ રિસર્ચમાં જોડાયા, લાઈબ્રેરિયન થયા. મિતભાષી મફતભાઈ એડ્મિનિસ્ટ્રેશનમાં બહુ કુશળ. સંસ્થામાં મને તેમના જ્ઞાનનો સારો લાભ મળ્યો. ગ્રંથાલય એ તેમનો પ્રિય વિષય. અમારી દરેક સંસ્થામાં એક-એક સારું પુસ્તકાલય, વાંચનાલય અને ટોય્ઝ લાઈબ્રેરી ઊભી કરવામાં આવી છે, તે મહદંશે મફતભાઈનું પ્રદાન છે. તેમાં પણ બહેરાં-મૂંગા શાળાના પુસ્તકાલય માટે તેમનો વિશેષ લગાવ રહ્યો છે. ટ્રેનિંગ કોલેજ માટે દુનિયાભરમાં સંદર્ભ ગ્રંથો વસાવવા માટે તેમના વિઝનને દાદ આપવી પડે. આજે આ પુસ્તકાલય અલભ્ય પુસ્તકોના વારસાથી સમૃધ્ધ છે, તેની નોંધ UNESCO એ પણ લીધી છે. આ પુસ્તકાલયને જાળવવામાં અને તેને અર્થપૂર્ણ રીતે ઉપયોગી બનાવવામાં કુશળ લાઈબ્રેરિયન મીનાબહેન ઠાકર અને ચેતનાબહેન મુલાણીનો સહયોગ અને જયંતભાઈ મેઘાણીનું માર્ગદર્શન મફતભાઈને મળ્યું, તે તેમનું સદ્‌ભાગ્ય છે. આ બધું તો એમણે સોલ્ટની નોકરી સાથે કર્યું. રીટાયર્ડ થયા પછી પૂરો સમય સંસ્થાને સમર્પિત કર્યો. તે સમયે 'અંકુર' સંસ્થાનું નવું કેમ્પસ તૈયાર થઈ ગયું હતું. કોઈ ચીટકીને બેસે એવા વિઝનરીની જરૂર હતી. તેમણે મારી વાત સ્વીકારી. એક દશકામાં 'અંકુર' ને ગુજરાતની શ્રેષ્ઠ સંસ્થાની હરળોમાં લાવી મૂકી.

**સેવાને સમર્પિત આવા સાથી મફતભાઈ હંમેશા મારા સૂરમાં સૂર પુરાવતા આવ્યા હતા અને એ જ સંસ્થાના વિકાસનું રહસ્ય છે.**

## PNR, બહેરાં મૂંગા શાળા, 'અંકુર' મંદબુધ્ધિવાળા બાળકોની શાળા, અંધ ઉદ્યોગ શાળા અને નવજવાન સંઘમાં ૭૦ વર્ષની અવિરત સેવા



શ્રી મફતભાઈ (બાલ્યાવસ્થા)



શ્રી મફતભાઈ (કિશોરાવસ્થા)



શ્રી મફતભાઈ - ધર્મપત્નિ ઈન્દુબેન સાથે...

# CONTENTS AT A GLANCE

✍ K. D. PADIA



## ◈ Unfortunate Exit of Trustee Shri Anant A. Shah (Mafatbhai)

Shri Mafatbhai took heavenly abode on 27th Jan. 2023. One of the Anants of Anant Triputi serving the disabled having common touch, easy charm and decent manners, is no more. By profession a librarian but ideologically devoted to the cause of the disabled world was a great synthesizer. It was his stature and dignity that attracted all working with him. Patriarch loved Divyangjans and served assiduously till his departure. In him, the PNR Society and its associated institutions has lost an avencular well wisher of the disabled in general and mentally retarded children in particular. May God allow his soul to rest in peace!

## ◈ KLID Arms on the Move

Primary school of the K. L. Institute for the Deaf (KLID) took its wards to Velavadar Sanctuary of Blackbuck, Jain Tirth Palitana, Gaurishankar Lake of Bhavnagar as a part of educational tours. A total number of 23 wards were given hearing aids. The students of secondary and higher secondary schools participated in sports organized by All Gujarat Sports Council of the Deaf at Nadiad and bagged the prizes. A movie was screened for awareness of good touch and bad touch. These students were taken to Sardar Sarovar and Atapi Wonder Land. The P. R. Vadhar Artificial Limb Center of the KLID examined 300 needy handicapped and 432 aids and appliances were distributed. Teachers' Training College continued its activities.

## ◈ Nataraj C. P. School Steers

## Assessment Camps

December 2022 and January 2023 witnessed two Mega Assessment Camps organized by the Nataraj Cerebral Palsy School and they benefitted a total number of 138 children. These camps were possible due to funding from So Hum Foundation, USA. Visit to exhibition organized by local PEATA, Christmas Carnival, tour to Kanakaria Lake of Amdavad, drawing competition, visit to Statue of Unity, etc. have been the major activities carried out by the school.

## ◈ Ankur School Excels

Ankur School for Mentally Retarded Children took a precious step of organising a Seminar on Niramaya Health Policy of National Trust of New Delhi. The school also hosted NCF (National Curriculum Framework). Wards of the school participated in the Dance Competition in Vadodara and earned 4th position among 8 teams. Wards of Bhanuvadi Vocational Center of the school participated in Christmas Carnival.

## ◈ Other News

Celebration of Maths Day and allround educational activities of High-Tech School, services of PNR Hospital and V. C. Lodhawala Hospital, Plastic Surgery Camp and activities of Padiatric Ophthalmic Centers, Computer Training Awareness Camp of AT&T Institute, Disha-cum-Vikas project, PNR Teachers' Training College for visually impaired, Nataraj Library activities, success stories and important news are carried in this issue.

## પ્રાર્થના સભા

PNR સોસાયટી અને તેની સંલગ્નિત તમામ સંસ્થાઓના સંયુકત ઉપક્રમે, સ્વ. મફતભાઈના પરિવારજનોની ઉપસ્થિતિમાં તા. ૩૦-૧-૨૩ ના રોજ, મહાવીર ઓડિટોરિયમ (K.L.) માં પ્રાર્થના સભાનું આયોજન કરવામાં આવેલ. જેમાં વિવિધ સંસ્થાઓના ભાવનાબેન અંધારિયા, ફાલ્ગુનીબેન ખાટસુરિયા, રમેશભાઈ સાટિયા, ઋષિકેશભાઈ પંડયા, ક્રિષ્નાબેન રૂપેરા અને જયોતિબેન પરમાર વિ. એ ભજન-કિર્તન ગાયેલ. શ્રી વિનુભાઈ હકાણી ('અંકુર'), સંસ્થાના ફાઉન્ડર ટ્રસ્ટીશ્રી બાબાભાઈ અને શ્રી પ્રજ્ઞાબેન દવે દ્વારા, સ્વ. મફતભાઈને ભાવભીની શબ્દાંજલી અપાય. કાર્યક્રમનું સંચાલન શ્રી નેહલબેન ગઢવીએ કરેલ. અંતમાં સદ્‌ગતના આત્માની શાંતિ માટે બે મિનિટ મૌન પાળી શ્રધ્ધાંજલી આપવામાં આવેલ.



# ગુજરાતમાંની ત્રણ ઈન્કલુઝિવ સ્કૂલ પૈકીની એક છે ભાવનગરમાં...

✍ કિરીટ રાઠોડ



**કે. એન. શાહ હાઈટેક ઈન્કલુઝિવ સ્કૂલ, એવી શાળા જ્યાં સમધારણ (નોર્મલ) અને દિવ્યાંગ બાળકો એક સાથે અભ્યાસ કરે છે અને વિકસે છે.**

સમાવેશી શિક્ષણ એટલે કે સમધારણ અને દિવ્યાંગ બાળકો એક સાથે જ્યાં શિક્ષણ મેળવે તેવી શાળાઓને ઈન્કલુઝિવ સ્કૂલ કહેવામાં આવે છે. સામાન્ય રીતે દિવ્યાંગ બાળકો માટે અલગ શાળાઓ અને સંસ્થાઓ હોય છે, પરંતુ ઈન્કલુઝિવનો ઉદ્દેશ દિવ્યાંગોને સમાજની મુખ્યધારામાં સમાવવાનો છે. ગુજરાતમાં આવી ત્રણ શાળાઓ ચાલી રહી છે. આ પૈકી ભાવનગરની કે. એન. શાહ હાઈટેક ઈન્કલુઝિવ સ્કૂલ તેમાં સૌથી વિશેષ છે.




કે. એન. શાહ હાઈટેક ઈન્કલુઝિવ સ્કૂલના ચેરમેન શ્રી ધીરૂભાઈ ધંધુકિયા કહે છે કે, ‘‘સામાન્ય બાળકની સાથે અભ્યાસને કારણે માનસિક દિવ્યાંગ બાળક પણ પૂરા પ્રયત્ન સાથે આગળ વધવા પ્રેરાય, તો સામાન્ય બાળક આવા દિવ્યાંગ બાળકો સાથે અભ્યાસ કરવાને કારણે તેનો સ્વીકાર કરતા અને તેની સાથે સંવેદના અને સહકારથી જોડાય, તે હેતુ આ શાળાઓનો હોય છે. ૨૦૧૭માં શરૂ થયેલી આ શાળામાં પ્રારંભે પ્રાથમિક શાળા અને બાલમંદિર હતાં. જેમાં ક્રમશઃ વધારો થયો અને હાલ ધો. ૧૨ આર્ટસ-કોમર્સ સુધીની શાળા ચાલી રહી છે, હાલમાં ૩૬૦ નોર્મલ બાળકો સાથે ૪૦ દિવ્યાંગ બાળકો પણ આ શાળામાં અભ્યાસ કરી રહ્યાં છે.’’ પી.એન.આર. સોસાયટીના મહામંત્રી શ્રી પારસભાઈ શાહ જણાવે છે કે, ‘‘બંને પ્રકારના બાળકો અહીં સાથે મળીને સુંદર રીતે અભ્યાસ કરતા હોય છે, સમયાંતરે વાલી મિટીંગ, યુનિટ ટેસ્ટ, લેકચર ટેસ્ટ દ્વારા બંનેની અભ્યાસ ચકાસણી તો થાય જ છે, સાથે નબળા બાળકો માટે અન્ય વિશેષ વર્ગો પણ ચલાવવામાં આવે છે. હાઈટેકના વિદ્યાર્થીઓને હાઈટેક સુવિધા મળી રહે તે માટે દાતાઓના સહયોગથી સ્માર્ટ બોર્ડ, કોમ્પ્યુટર લેબ અને અન્ય આધુનિક સુવિધાઓ પણ અહીં ઉપલબ્ધ બની છે. ૨૦૨૧-૨૨ માં ધો. ૧૨ સામાન્ય પ્રવાહમાં ૧૦૦ ટકા પરિણામ લાવવા બદલ હાઈટેક સ્કૂલને ગુજરાત સરકારના મંત્રીશ્રી જગદીશ વિશ્વકર્માજીના હસ્તે પ્રમાણપત્ર પણ એનાયત થયું હતું.’’ પી.એન.આર. સોસાયટીના સ્થાપક ટ્રસ્ટીશ્રી બાબાભાઈ શાહે જણાવ્યું હતું કે, ‘‘તળાજાવાળા શ્રી કાંતિલાલ નારણદાસ રામજી શાહના મુખ્ય સહયોગથી આ શાળા શરૂ થઈ અને આજે ગુજરાતમાં ઈન્કલુઝિવ ક્ષેત્રે શ્રેષ્ઠ શાળા બની છે. ઉદ્યોગપતિ શ્રી કોમલકાંત શર્મા તથા અન્ય દાતાઓનો સતત સહયોગ મળતો રહે છે, જેના કારણે આ શાળા ઉત્તરોત્તર પ્રગતિ કરતી રહી છે. આગામી સમયમાં વિજ્ઞાન પ્રવાહનો અભ્યાસક્રમ પણ શરૂ કરવાની વિચારણા છે.’’ ‘‘દિવ્યાંગ બાળકો માટે અહીં અભ્યાસ ઉપરાંત આ જ કેમ્પસમાં ફિઝીયોથેરાપી, ઓકયુપેશનલ થેરાપી, સ્પીચ થેરાપી જેવી તબીબી સુવિધાઓ પણ ઉપલબ્ધ હોય, આવા વિદ્યાર્થીઓને બેવડો લાભ મળતો હોય છે. અહીં અભ્યાસની સાથે ઈત્તર પ્રવૃત્તિ પણ સુંદર રીતે ચાલે છે અને વિદ્યાર્થીઓએ જિલ્લા અને રાજ્ય કક્ષાએ શ્રેષ્ઠ દેખાવો કરી સિધ્ધિઓ પણ મેળવી છે. ભાવનગર જિલ્લાની એકમાત્ર અને ગુજરાતમાંની ત્રણ પૈકીની એક એવી આ કે. એન. શાહ હાઈટેક ઈન્કલુઝિવ સ્કૂલ, આગામી દિવસોમાં વિદ્યાર્થીઓ માટે વધુ સુવિધા સાથે, નવા આયામો સાથે આધુનિક બિલ્ડીંગમાં શરૂ કરવા જઈ રહ્યા છીએ,’’ તેમ પી.એન.આર. સોસાયટીના માનદ મંત્રી શ્રી કિરીટભાઈ રાઠોડે જણાવ્યું હતું.



ભાવનગર નવજવાન સંઘ સંચાલિત

# શેઠશ્રી વી.સી. લોઢાવાળા હોસ્પિટલ તથા શ્રી પ્રતાપભાઈ શામજીભાઈ પારેખ પોલિક્લિનિક



રાજેશભાઈ હકાણી

## ૧. નવનિયુક્તિ શુભેચ્છા :

ભાવનગર નવજવાન સંઘના કાર્યકારી માનદ મંત્રી તરીકે શ્રી સૂર્યકાંતભાઈ ચાવડાની તા. ૨ ડિસે.`૨૨ થી સર્વાનુમતે વરણી કરવામાં આવેલ છે. આપણી સંસ્થાના સૌ વડીલો સર્વશ્રી શશીકાંતભાઈ વાઘર, શ્રી અનંતરાય કે. શાહ, શ્રી ગિરીશભાઈ શાહ, શ્રી અશ્વિનભાઈ પંડયા, શ્રી રાજુભાઈ હકાણી દ્વારા કાર્યભારને સુપેરે સંભાળવા આશીર્વાદ અને શુભકામના પાઠવેલ છે.

## ૨. નિયુક્તિ આવકાર :

ડૉ. ગૌરાંગ મોરઘ્રા (MBBS, D.G.O.) ની ફુલટાઈમ ગાયનેકો-લોજીસ્ટ તરીકે નિયુક્તિ કરવામાં આવી છે. તેમને હોસ્પિટલ ખાતે ક્વાર્ટર ફાળવવામાં આવ્યું છે. અને હાલ ૨૪ X ૭ ની સ્ત્રીરોગની સેવા હોસ્પિટલમાં ઉપલ્બધ થઈ હોય, તેમનો દર્દી વર્ગમાંથી આવકાર થવા પામ્યો છે.

**વિનામૂલ્યે મેગા કેમ્પ તા. ૩૧ ડિસે.`૨૨ ને શનિવારે યોજાયો. સૌજન્ય : સ્વ. અંતુભાઈ હરીશંકર રાવળના સ્મરણાર્થે (હસ્તે. શ્રી ભારતીબેન ભરતભાઈ ત્રિવેદી, મુંબઈ)**

આ મેગા કેમ્પની શરૂઆત કરતા પહેલા અંધારામાંથી ઉજાળામાં લઈ જવા માટે પ્રથમ દીપ પ્રાગટય સંસ્થાના ડૉ. શિખાબેન સચદેવ, ડૉ. વંદનાબેન દેવમુરારી, ડૉ. મુકુંદભાઈ પંડયા, ડૉ. ગૌરાંગભાઈ મુરઘ્રા તથા ખજાનચી શ્રી કીર્તિભાઈ સંઘવી તથા ડૉ. સુનિલભાઈ મહેતા ના વરદ હસ્તે કરવામાં આવેલ હતું. જેમાં તમામ કર્મચારીઓ ઉપસ્થિત રહેલ હતાં.

## ૧. આંખનો કેમ્પ :

આંખ વિભાગના સર્જન ડૉ. કુણાલ નિર્મળ (MS, Ortho.) દ્વારા નીચે મુજબના આંખના રોગો માટે તપાસ યોજવામાં આવેલ. ૧. રાહતદરે મોતિયાનું આધુનિક લેસર (ફેકો) પધ્ધતિથી ઓપરેશન તથા ફોલ્ડેબલ નેત્રમણીનું પ્રત્યારોપણ, ૨. રાહતદરે વેલનું પ્લાસ્ટિક સર્જરીથી ઓપરેશન અને ૩. ભાવનગર જિલ્લાના જરૂરિયાતમંદ દર્દીઓ માટે વિનામૂલ્યે મોતિયાના ઓપરેશન માટે સાંજના ૪ થી ૭ દરમ્યાન માર્ગદર્શન આપવામાં આવેલ.

## ૨. સગર્ભા બહેનો માટેનો સ્ત્રી રોગનો કેમ્પ :

આ કેમ્પમાં સ્ત્રીરોગો માટે માર્ગદર્શન આપવામાં આવેલ હતું. સર્ગભા બહેનો માટે સ્ત્રી રોગ અંતર્ગત, અનિયમિત માસિક, શરીર ધોવાવું (સફેદ પાણી પડવું), પેશાબનો ચેપ, બળતરા, નિ:સંતાન દંપતીને સલાહ, ગર્ભાશયના રોગો, નસબંધી માટે માર્ગદર્શન, અંડાશયની ગાંઠ, ચોકલેટ સિસ્ટ, માસિક ધર્મ દરમ્યાન થતો દુખાવો, વધુ પડતો માસ્કિ સ્ત્રાવ, પેશાબ પર નિયંત્રણ ન હોવું વગેરે બાબતો અંગે વિગતવાર માર્ગદર્શન પૂરું પાડવામાં ડૉ. ગૌરાંગભાઈ મોરઘ્રા (MBBS, DGLO) ફુલ ટાઈમ તથા ડૉ. ચિરાગભાઈ પટેલ (MBBS, DLO) તથા ડૉ. હિતેશભાઈ ચૌહાણ (MBBS, DLO) સવારે ૯ થી ૧ તથા સાંજના ૪ થી ૭ સેવા આપેલ.

## ૩. બાળકોના રોગો માટે તથા રસીકરણ માટેનો કેમ્પ :

બાળકોને થતા તાવ, શરદી, ઉધરસ, ઝાડા-ઉલટી, કમળો, થાક લાગવો, શ્વાસ લેવામાં તકલીફ, સસણી, બાળક ચિડચિડીયું થઈ જવું તથા વેક્સિનેશન માટે માર્ગદર્શન આપવા માટે તેમજ સરકારશ્રીના સહયોગથી વિનામૂલ્યે બી.સી.જી. (ક્ષય), ઓરી, રૂબેલા (એમ. આર. હિપેટાઈટીસ બી (કમળાની રસી), પેન્ટાવેલેન્ટ (પંચગુણી) એફ.આઈ.પી.વી.પી.સી.વી. (ન્યૂમોનિયા) રોટા, વાઈરસ, (ઝેરી ઝાડા) ત્રિગુણી બુસ્ટર, ટી.ટી. (ધનુર) વિટામીન એ વગેરે જેવી વેકસીન અંગે પણ માર્ગદર્શન આપવામાં આવેલ. જેમાં ડૉ. હિનલબેન ગુજરાતી (MBBS,D.Ped.) દ્વારા સેવા આપવામાં આવેલ.

## ૪. તાવ, શરદી, ઉધરસના દર્દીઓ માટે કેમ્પ :

તાવ, શરદી, ઉધરસ, વા, સાંધાનો દુખાવો તથા ધાધર, ખીલ, વાઢીયા, ખોડો, વાળ ખરવા, ટાલના દર્દીઓ, કમરનો દુખાવો, સફેદ ડાઘ, કરોળિયા, શીળસ, ઝાડા ઉલટી, મેદસ્વી (વજન ઘટાડવું), ગાલ પચોળું, કમળો, મેલેરીયા, થાઈરોઈડ, ડાયાબિટીસ, અસ્થમા સામાન્ય રોગોની તપાસ વગેરે માટે ડૉ. મુકુંદભાઈ પંડયા (BAMS) દ્વારા સવારે ૧૦ થી ૧ સુધી સેવા આપવામાં આવેલ.

આ સંસ્થાનો મુખ્ય હેતુ સામાન્ય દર્દીઓને સારામાં સારી તબીબી સેવા આપવાનો હોવાથી, આ હેતુ સાર્થક કરવા દાતાઓના સહકારથી અવાર-નવાર કેમ્પનું આયોજન કરવામાં આવે છે.





# પી. એન. આર. હૉસ્પિટલ



✍ મહાસુખભાઈ જકડિયા

## ડિસેમ્બર-'૨૨ દરમ્યાન, નીચે મુજબ દર્દીઓને વિનામૂલ્યે અથવા રાહતદરે સારવાર આપવામાં આવેલ છે

| વિભાગ | તપાસેલ દર્દીની સંખ્યા | ઓપરેશન અથવા પ્રોસિજર સંખ્યા |
|---|---|---|
| ઓર્થોપેડિક | ૨૮ | ૦૮ |
| આંખ | ૧૦૦૦ | ૩૭૮ |
| આંખની છારી | ૪૦ | - |
| ઈ.એન.ટી. (કાન-નાક-ગળા) | ૩૬૮ | ૧૪૩ |
| ઓર્થોસ્કોપી | ૬૯ | - |
| ઓર્થોડેન્ટલ | ૨૨૨ | ૨૦૪ (ટ્રિટમેન્ટ) |
| જનરલ ઓપીડી | ૯૦૦ | - |
| એક્ષ-રે | ૪૪ | - |

| વિભાગ | તપાસેલ દર્દીની સંખ્યા | ઓપરેશન અથવા પ્રોસિજર સંખ્યા |
|---|---|---|
| લેબોરેટરી | ૫૪૧ | ૧૯૬૮ (ટેસ્ટ) |
| ચામડી | ૨૫ | - |
| પેડિયાટ્રિક ડેન્ટલ | ૧ | ૦૪ |
| આંખના પડદા | ૨૧ | - |
| **પ્રવિણચંદ્ર દલાલ ડિસેબિલિટી પ્રિવેન્શન સેન્ટર** | | |
| પ્લાસ્ટિક સર્જરી | ૨૬ | ૧૧ |
| હેર ઈમ્પ્લાન્ટ | ૧૦ | ૦૭ |
| રૂબેલા વેક્સિન | ૦૩ | - |

◈ સ્વાસ્થ્ય સંજીવની યોજના હેઠળ **૧૨૯** લાભાર્થીઓએ **રૂા. ૨૭,૫૪૫/-** ની સહાય મેળવેલ છે.

◈ મહાવીર મેડિકલ સહાય નીચે કુલ **૧૨** દર્દીઓએ **રૂા. ૨,૨૬૦/-** ની સહાય મેળવેલ છે.

## ૨૦૦ જરૂરિયાતમંદોને વિનામૂલ્યે ચશ્મા વિતરણ



સ્વામીનારાયણ મંદિર, આયોજિત, ગુલિસ્તા મેદાનમાં ભાગવત પારાયણમાં લોકોએ મોટી સંખ્યામાં શ્રવણનો લાભ લીધેલો, સાથે અનેકવિધ સામાજિક કાર્યક્રમો પણ ગોઠવેલ હતાં, જેમાં સ્વાસ્થ્યલક્ષી કાર્યક્રમ અંતર્ગત, ગઢડાના વતની અને સતસંગી શ્રી મહાસુખભાઈ જકડિયા, (ચેરમેન, PNR હોસ્પિટલ) ના સૌજન્યથી ૨૦૦ જેટલાં જરૂરતમંદ લાભાર્થીઓને **વિનામૂલ્યે બેતાળાના ચશ્મા**નું વિતરણ કરવામાં આવેલ. જેમાં PNR હોસ્પિટલના સ્ટાફ સર્વશ્રી કેતનભાઈ રૂપેરા, ચેતનભાઈ રાણા, યશ મહેતા, રાજેશભાઈ ઉપાધ્યાય, આરતીબેન પરમાર, દિલીપભાઈ બારૈયાએ સેવા આપેલ.

## નેત્ર નિદાન અને રૂબેલા રસીકરણ કેમ્પ




PNR સોસાયટી, રાષ્ટ્રિય અંધજન મંડળ ભાવનગર જિલ્લા શાખા અને ગ્રામ દક્ષિણામૂર્તિ લોકશાળા-મણારના એન.એસ.એસ. યુનિટના સંયુક્ત ઉપક્રમે તા. ૩ જાન્યુ.'૨૩ ના રોજ લાખણકા (કોળિયાક) મુકામે **બેતાળા ચશ્માનું વિતરણ** અને **રૂબેલા રસીકરણ કેમ્પ**નું આયોજન કરવામાં આવેલ. જેમાં લાખણકા તથા આજુબાજુના ગ્રામ્ય વિસ્તારના ૩૨૧ લાભાર્થીઓને વિનામૂલ્યે બેતાળા ચશ્માનું વિતરણ કરવામાં આવેલ. જેમાંથી ૧૦ લાભાર્થી એવા હતા જેમને મોતિયાના ઓપરેશનની જરૂરિયાત હોય, તેમને ભાવનગર PNR હોસ્પિટલમાં રીફર કર્યા છે. આ ઉપરાંત ભવિષ્યની પેઢી તંદુરસ્ત જન્મે તે હેતુથી ૧૩ થી ૩૫ વર્ષની ૨૨ બહેનોને રૂબેલા રસીકરણ કરવામાં આવેલ. આ કેમ્પમાં રાષ્ટ્રિય અંધજન મંડળના સેક્રેટરી શ્રી લાભુભાઈ સોનાણી, શ્રી હસમુખભાઈ ધોરડા, PNR

સોસાયટીમાંથી શ્રી કેતનભાઈ રૂપેરા, શ્રી યશભાઈ મહેતા, એન.એસ.એસ. યુનિટના પ્રોગ્રામ ઓફિસર શ્રી કચંનબેન થડોદા અને લાખણકા ગામના આગેવાનો ઉપસ્થિત રહેલ.

### નેત્રચિકિત્સામાં ઉપયોગી સાધન સહાય અર્પણ

PNR હોસ્પિટલના આંખ વિભાગનો શહેર અને ગ્રામ્ય વિસ્તારના દર્દીઓ અવીરત લાભ લઈ રહ્યાં છે. ચાર નિષ્ણાત આંખના સર્જનો દ્વારા, મોતિયાના ઓપરેશન રાહતદરે અથવા નિઃશુલ્ક, ફેકો મશીન દ્વારા, ટાંકા વગરના ઓપરેશન કરવામાં આવે છે. આંખના દર્દીઓમાં કેટલાકને 'ઝામર' નો પ્રોબ્લેમહોય છે. અને તેના ચોક્કસ નિદાન માટે 'ટોનોમિટર' દ્વારા નિદાન કરવું જરૂરી હોય છે. PNR હોસ્પિટલમાં આવા જરૂરી 'ટોનોમિટર' માટે રૂા. સાડા ત્રણ લાખનું ડોનેશન મૂળ ભાવનગરના વતની શ્રી પ્રતિભાબેન સંઘવી (મુંબઈ)



દ્વારા, તેમના માતુશ્રી સ્વ. અનોપબેન નાનાલાલ શાહની સ્મૃતિમાં આપેલ. જેથી આ ટોનોમિટર હોસ્પિટલમાં આવી જવાથી દર્દીને તપાસ અને નિદાનમાં ખૂબ લાભ થઈ રહ્યો છે.



# પ્રવીણચંદ્ર દલાલ ડિસેબિલિટી પ્રિવેન્શન સેન્ટર

જીજ્ઞેશ પારેખ



### રૂબેલા (નૂરબીબી) વેક્સિનેશન :


દિવ્યાંગ બાળજન્મ અટકાવ અભિયાન અંતર્ગત પી.એન.આર. સોસાયટીએ, પ્રવીણચંદ્ર દલાલ ડિસેબિલિટી પ્રિવેન્શન સેન્ટર અંતર્ગત રૂબેલા પ્રિવેન્શન પ્રોજેકટમાં ડિસે.'૨૨ દરમ્યાન ભાવનગરની આહિર કન્યા છાત્રાલયમાં ધો. ૧૦ થી ૧૨ની ૩૦૦ વિદ્યાર્થીનીઓને રૂબેલા વેકસીનની સમજૂતી સ્લાઈડ શો દ્વારા આપવામાં આવેલ. તે પૈકી ૨૧૪ વિદ્યાર્થીનીઓને રૂબેલા રસીકરણ કરવામાં આવેલ.

### પ્લાસ્ટિક સર્જરી કેમ્પ :

તા. ૭ થી ૯ ડિસે.'૨૨ ના રોજ **કોન્જીનીટલ ડિફોરમિટી પ્રોજેક્ટ** અન્વયે **પ્લાસ્ટિક સર્જરી કેમ્પ**નું આયોજન, દાતા શ્રી નિશ્ચલ ઈસરાણી ફાઉન્ડેશન-મુંબઈના આર્થિક સહયોગથી કરવામાં આવ્યું હતું. જેમાં જન્મજાત ખામીવાળા જરૂરિયાતમંદ **૨૬** બાળકોની તપાસ ડૉ. નરેશ વાધવા (પ્લાસ્ટિક સર્જન) દ્વારા કરવામાં આવી હતી. તે પૈકી ૪ કપાયેલાં હોઠના, ૨ તાળવામાં કાણું અને ૪ હાઈપોસ્પિડીયા (મૂત્ર નલિકાની જન્મજાત ખામી) તેમજ ૧ પોસ્ટ બર્ન એમ કુલ ૧૧ ઓપરેશન મુંબઈના ડૉ. નરેશ વાધવાએ કર્યાં હતાં. આ કેમ્પ ડૉ. નરેશ વાધવા (પ્લાસ્ટિક સર્જન), ડૉ. નિરવ ધોળકિયા, ડૉ. મેહુલ મોદી (એનેસ્થેટિક) તથા હોસ્પિટલ નર્સિંગ સ્ટાફની જહેમતથી સફળતાપૂર્વક પૂર્ણ કરવામાં આવ્યો હતો.

### લેડી એગ્રેમોન્ટ પેડિઆટ્રિક ઓપ્થેલ્મિક સેન્ટર :

ડિસે.'૨૨ દરમ્યાન **Lady Egremont Peadiatric Ophthalmic Centre, PNR Hospital** માં **પેડિયાટ્રિક ઓપ્થેલ્મિક કેમ્પ**નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ડૉ. જનક શાહ અને ડૉ. પ્રિતી શાહ (પેડિઆટ્રિક ઓપ્થેલ્મિક સર્જન) દ્વારા બાળકોની ત્રાંસી આંખ, ફૂલુ, પાંપણ નીચી પડી જવી, આંખ સતત હલતી, કોર્નિયાને લગતી આંખની તકલીફો, તેમજ અન્ય જન્મજાત આંખની ખોડખાપણનું નિદાન કરી, સારવાર અને ઓપરેશન વિનામૂલ્યે કરી અપાય છે. બંનેએ તેઓની અમૂલ્ય સમય તથા સેવા આપી હતી. તેમાં ભાવનગર જિલ્લામાંથી, તેમજ આજુબાજુના જિલ્લામાંથી બાળકોને લઈને તેમના વાલીઓ આવ્યાં હતાં. આંખની વિવિધ તકલીફો ધરાવતા બાળકોને તપાસી, યોગ્ય નિદાન કરી, તે અંગેની સમજૂતી આપવામાં આવી હતી. આ કેમ્પમાં ૪૩ બાળકોની O.P.D. કરવામાં આવેલ તથા તેમાંથી ૦૭ બાળકોના ઓપરેશન, જેમાં ત્રાંસી આંખ, ઢળેલી પાંપણ, નીસ્ટેગ્મસ, Fundus & Refrection, Sac Syring વિગેરે ઓપરેશન તદ્દન ફ્રી, ડૉકટર જનક શાહ દ્વારા સફળતાપૂર્વક કરી આપવામાં આવ્યાં હતાં.





# નટરાજ મગજના લકવાગ્રસ્ત (સેરિબ્રલ પાલ્સી) બાળકોની શાળા



વિભૂતિ વ્યાસ

## મેગા એસેસમેન્ટ કેમ્પ :



તા. ૧૭, ૧૮ ડિસે.`૨૨ ના રોજ **મેગા એસેસમેન્ટ કેમ્પ**નું આયોજન કરવામાં આવેલ. જેમાં વિવિધ પ્રકારના એસેસમેન્ટ જેવા કે, ઓકયુપેશનલ થેરાપી,સ્પે. એજ્યુકેશન, ADL, સ્પીચ થેરાપી વગેરે રાખવામાં આવેલ. જેમાં ડૉ. દિપક ગંજીવાલા અને ટીમ દ્વારા એસેસમેન્ટ કરવામાં આવ્યું હતું. જેમાં તા. ૧૭ ડિસે.`૨૨ ના રોજ રિસોર્સ સેન્ટર મહુવા, તળાજા, પાલિતાણા, શિહોર ખાતે યોજવામાં આવેલ તથા તા. ૧૮ ડિસે.`૨૨ ના રોજ નટરાજ સી.પી. સ્કૂલ ખાતે યોજાયેલ. જેમાં કુલ ૮૭ લાભાર્થીઓએ ભાગ લીધો. આ કેમ્પ SO-HUM ફાઉન્ડેશન USA ના સહયોગથી યોજવામાં આવેલ. જેમાં શ્રી જીજ્ઞાબેન સોલંકીના માર્ગદર્શન હેઠળ શ્રી વરૂણભાઈ વ્યાસ, શ્રી ચાર્મીબેન રાઠોડે જહેમત ઉઠાવેલ.

## PEATA પ્રદર્શન :

તા. ૨૩ થી ૨૫ ડિસે.`૨૨ દરમ્યાન રોજ **પીએટા** સંસ્થા દ્વારા જવાહર મેદાન ખાતે યોજાયેલ પ્રદર્શનમાં નટરાજ સી.પી. સ્કૂલને ફ્રી સ્ટોલ આપવામાં આવેલ. જેમાં દિવ્યાંગ વિદ્યાર્થીઓ દ્વારા બનાવેલ કલાત્મક તોરણ, વોલ-હેન્ગિંગ, રેઝિન આર્ટની ટ્રે વીથ કોસ્ટર, વોલ કલોક, કેન્ડલ, દંત મંજન, વિદ્યાર્થી નિર્મીત અવનવી પેઈન્ટિંગ્સ સાથે અન્ય વિવિધ વસ્તુઓનું પ્રદર્શન અને વેચાણને સારો પ્રતિસાદ મળ્યો હતો. શ્રી જીજ્ઞાબેન સોલંકીના માર્ગદર્શન હેઠળ શ્રી તૃપ્તિબેન મહેતા, શ્રી રીનાબેન વસોયા, શ્રી હર્ષાબેન પાડલિયા, શ્રી દિપ્તીબેન રાજયગુરૂ, શ્રી મીરાબેન પરમાર દ્વારા જહેમત ઉઠાવેલ. આ ઉપરાંત પીએટા સંસ્થા દ્વારા નટરાજ સી.પી. સ્કૂલને, શ્રી કીર્તિબાળાબેન દાણીધારિયા (મેયરશ્રી, ભાવનગર), એન્જી. શ્રી ભાવેશભાઈ વ્યાસ (પ્રમુખશ્રી, પીએટા), એન્જી. શ્રી ઉમેશભાઈ ભટ્ટ (વિઝન, કન્વીયર), એન્જી. શ્રી અચલભાઈ ઓઝા, એન્જી. શ્રી અમિતભાઈ શાહ દ્વારા ટ્રોફી આપી સન્માનિત કરવામાં આવેલ.

## ક્રિસમસ કાર્નિવાલ :



તા. ૨૪ ડિસે.`૨૨ ના રોજ શ્રીમતી અંબિકાબેન ટેકરીવાલ દ્વારા આયોજીત **ક્રિસમસ કાર્નિવાલ** ઈસ્કોન ખાતે સી.પી. સ્કૂલને ફ્રી સ્ટોલ આપવામાં આવેલ. જેમાં દિવ્યાંગ વિદ્યાર્થીઓ દ્વારા તૈયાર કરેલ વિવિધ કલાત્મક વસ્તુઓનું પ્રદર્શન સાથે વેચાણ કરવામાં આવેલ. બાળકોની આ કલા કૃતિને લોકો દ્વારા ખૂબ જ પ્રતિસાદ મળ્યો હતો. આ તક આપવા માટે સંસ્થા શ્રીમતી અંબિકાબેન ટેકરીવાલનો આભાર વ્યકત કરે છે.

## કાંકરિયા કાર્નિવાલ ખાતે પ્રવાસ :



તા. ૨૮ ડિસે. `૨૨ ના રોજ અતિ શારીરિક દિવ્યાંગતા ધરાવતા બાળકોનો કાંકરીયા કાર્નિવાલ અમદાવાદ ખાતે એક દિવસીય શૈક્ષણિક પ્રવાસનું આયોજન કરવામાં આવેલ. જેમાં કુલ ૧૦૪ બાળકોએ લાભ લીધેલ. પ્રવાસનું આયોજન શ્રી જીજ્ઞાબેન સોલંકીના માર્ગદર્શન હેઠળ શ્રી જયોતિબેન પરમાર તથા શ્રી કાર્તિકભાઈ વ્યાસે કરેલ.

## સ્ટેચ્યુ ઓફ યુનિટી પ્રવાસ :




તા. ૩-૪ જાન્યુ.`૨૩ ના રોજ સ્ટેચ્યુ ઓફ યુનિટી કેવડિયા, વડોદરા, પોઈચા, જલારામ મંદિર, બોરસદ સૂર્યમંદિર ખાતે યોજવામાં

આવેલ. આ શૈક્ષણિક પ્રવાસમાં કુલ ૫૮ બાળકોએ લાભ લીધેલ. પ્રવાસનું આયોજન શ્રી જીજ્ઞાબેન સોલંકીના માર્ગદર્શન હેઠળ શ્રી જયોતિબેન પરમાર તથા શ્રી કાર્તિકભાઈ વ્યાસે કરેલ.

### મેગા એસેસમેન્ટ કેમ્પ :

તા. ૭-૮ જાન્યુ.`૨૩ ના રોજ SO-HUM ફાઉન્ડેશન USA ના સહયોગથી **મેગા એસેસમેન્ટ કેમ્પ**નું આયોજન કરવામાં આવેલ. જેમાં કુલ ૫૧ લાભાર્થીઓએ લાભ લીધો અને સારવાર સાથે માર્ગદર્શન મેળવેલ. આ કેમ્પમાં ડૉ. વસીમ એહમદ (મુંબઈ) તથા ડૉ. અમીતકુમાર મૌર્ય દ્વારા વિવિધ એસેસમેન્ટ કરવામાં આવેલ. આ કેમ્પનું સંચાલન શ્રી જીજ્ઞાબેન સોલંકીના માર્ગદર્શન હેઠળ શ્રી વરૂણભાઈ વ્યાસે કરેલ.

### ચિત્ર સ્પર્ધા :

તા. ૮ જાન્યુ. `૨૩ ના રોજ **શ્રી રજનીભાઈ કનાડા મેમોરીયલ ફાઉન્ડેશન ભાવનગર** દ્વારા યોજાયેલ **રંગપૂર્ણિ** અને **ચિત્ર સ્પર્ધા**માં કુલ-૧૧ દિવ્યાંગ બાળકોએ ઉત્સાહભેર ભાગ લીધેલ. જેમાંથી ત્રણ બાળકોના ચિત્રોને એવોર્ડથી સન્માનવામાં આવેલ. સમગ્ર કાર્યક્રમનું સંચાલન શ્રી જીજ્ઞાબેન સોલંકીના માર્ગદર્શન હેઠળ શ્રી તૃપ્તિબેન મહેતા તથા શ્રી માધવીબેન ડોડિયા દ્વારા કરવામાં આવેલ.

### ગેસ્ટ વિઝીટ :

તા. ૧૭ નવે.`૨૨ ના રોજ શ્રી નિલેશભાઈ વાઘર અને પરિવારે શાળા મુલાકાત કરી, શુભકામના પાઠવેલ.

### જન્મદિવસની ઉજવણી :



તા. ૨૩ ડિસે. `૨૨ ના રોજ સંસ્થાના સેક્રેટરી જનરલ શ્રી પારસભાઈ શાહના જન્મદિવસની ઉજવણી કરેલ, જેમાં સી.પી. ડિપાર્ટમેન્ટના વિદ્યાર્થીઓ, સ્ટાફ અને વાલીઓ તરફથી વિદ્યાર્થીઓના હસ્તે શ્રી પારસભાઈ શાહને જન્મદિવસનું શુભેચ્છા કાર્ડ, બુકે અને ચોકલેટ આપી અભિનંદન પાઠવવામાં આવેલ હતાં.

### DSE (M.D.) :

PNR સોસાયટી દ્વારા NIPMED ચેન્નઈ માન્યતા પ્રાપ્ત કોર્સ DSE (M.D.) સપ્ટેમ્બર`૨૨ થી સંસ્થામાં શરૂ કરવામાં આવ્યો છે. જેમાં હાલ પ્રથમ વર્ષના ૯ તાલીમાર્થીઓ જોડાયા છે, જે અંતર્ગત તેઓને PNR સોસાયટી તથા સંલગ્નિત સંસ્થાઓની મુલાકાત દ્વારા દિવ્યાંગતાની પરીભાષાની સમજ આપવામાં આવી હતી.



## અંબા
## સી.પી. હોસ્ટેલ

લાલજીભાઈ પંડયા



- તા. ૧૩ ડિસે. ના રોજ હોસ્ટેલના બાળકો વૈભવ તથા કૃણાલે, શાળા નં-૧૯ માં ગણિત વિજ્ઞાન પ્રદર્શનમાં ભાગ લીધો.
- તા. ૨૮ ડિસે. ના રોજ નટરાજ સી.પી. સ્કૂલ દ્વારા એક દિવસીય કાંકરિયા કાર્નિવલ અમદાવાદ ખાતે પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં નટરાજ સી.પી. હોસ્ટેલના બાળકોએ આનંદભેર ભાગ લીધો હતો.
- તા. ૪ અને ૫ જાન્યુ. ના રોજ સી.પી. સ્કૂલ દ્વારા બે દિવસીય સ્ટેચ્યુ ઓફ યુનિટી, પોઈચા ખાતે પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં હોસ્ટેલના બાળકોએ આનંદભેર ભાગ લીધો.
- તા. ૩ જાન્યુ. ના રોજ શ્રી જીતેન્દ્રભાઈ તરફથી હોસ્ટેલના બે બાળકોને પ્રવાસમાં જવા માટે **સ્પોન્સર** કરવામાં આવેલ તથા હોસ્ટેલના દરેક બાળકોને **ગરમ ધાબળા**નું વિતરણ કરવામાં આવ્યું હતું.



- શ્રી શ્રેણિકભાઈ રૂપેરા તથા તેમના પરિવાર તરફથી તા. ૧૪ જાન્યુ. ના રોજ હોસ્ટેલના બાળકો સાથે **મકરસંક્રાતિ** નિમિત્તે પતંગ ચગાવી મકરસંક્રાતિની ઉજવણી કરવામાં આવી હતી.

## નીચેના મહાનુભાવોએ હોસ્ટેલના બાળકોને પોતાના પરિવારના સભ્યોના જન્મદિન, મેરેજ એનિવર્સરી કે દિવંગત સ્નેહીની તિથિ નિમિત્તે ભોજન / નાસ્તો કરાવેલ

### ભોજન / મિષ્ટાન


- તા. ૧૧ ડિસે. ના રોજ શ્રી હિતેશભાઈ તરફથી...
- તા. ૧૨ ડિસે. ના રોજ શ્રી નિકુંજભાઈ ઠાકર તરફથી...
- તા. ૧૩ ડિસે. ના રોજ શ્રી ભાવેશભાઈ મોદી તરફથી...
- તા. ૧૭ ડિસે. ના રોજ શ્રી હરપાલસિંહ તરફથી...
- તા. ૧૯ ડિસે. ના રોજ શ્રી સુનિલભાઈ તરફથી...
- તા. ૨૨ ડિસે. ના રોજ શ્રી ગીતાબેન ઠાકર તરફથી...
- તા. ૩૦ ડિસે. ના રોજ શ્રી પારસભાઈ શાહ (સંસ્થાના મહામંત્રી) તરફથી...
- તા. ૧ જાન્યુ. ના રોજ શ્રી કૈશિકાબેન પટેલ તરફથી...
- તા. ૩ જાન્યુ. ના રોજ શ્રી ચિંતનભાઈ ગાંધી તથા તેમના ગ્રુપ તરફથી...
- તા. ૩ જાન્યુ. ના રોજ શ્રી જીતેન્દ્રભાઈ તરફથી...
- તા. ૧૪ જાન્યુ. ના રોજ શ્રી શ્રેણિકભાઈ રૂપેરા પરિવાર તરફથી...

### નાસ્તો

- તા. ૭ ડિસે.ના રોજ શ્રી અમંન કોર તરફથી..
- તા. ૮ ડિસે.ના રોજ શ્રી જયેશભાઈ તરફથી..
- તા. ૧૧ ડિસે.ના રોજ શ્રી પારસભાઈ શાહ(સંસ્થાના મહામંત્રી) તરફથી..
- તા. ૨૨ ડિસે.ના રોજ શ્રી વિશાલભાઈ તરફથી..
- તા. ૨૪ ડિસે.ના રોજ શ્રી મિતલબેન તરફથી..




# કે. એન. શાહ 'હાઈટેક' ઈન્કલુઝિવ સ્કૂલ



ધીરુભાઈ ધંધુકિયા

### કરાટે સ્પર્ધા :



શાળામાં આંતરરાષ્ટ્રીય માન્યતા પ્રાપ્ત **કરાટે એકઝામ**નું આયોજન કરવામાં આવેલ. આ સ્પર્ધામાં ધો. ૫ થી ૮ ના વિદ્યાર્થીઓએ ભાગ લીધેલ. જેમાં વાઈટ બેલ્ટ-૧ અને વાઈટ બેલ્ટ-૨ તથા યલો બેલ્ટમાંથી કુલ ૪૨ વિદ્યાર્થીઓ આ એકઝામમાં ઉત્તીર્ણ થયેલ. એકઝામમાં ઉત્તીર્ણ થયેલ વિદ્યાર્થીઓને પ્રમાપત્ર એનાયત કરવામાં આવેલ અને દરેક બાળકો ઉત્તરોત્તર પ્રગતિ કરે તેવી શુભેચ્છાઓ પાઠવેલ. આ સમગ્ર સ્પર્ધાનું આયોજન કરાટે શિક્ષક શ્રી અજયભાઈ વાઘેલા, તેમજ કાર્યક્રમનું સંચાલન આચાર્યશ્રી હિતેનકુમાર પંડયા દ્વારા કરવામાં આવેલ.

### ગ્રાહક સુરક્ષા અંતર્ગત સ્પર્ધાઓ :

શાળામાં ગ્રાહક સુરક્ષા અંતર્ગત **વકતૃત્વ સ્પર્ધા અને નિંબધ સ્પર્ધા**નું આયોજન કરવામાં આવેલ. આ સ્પર્ધામાં શાળામાં અભ્યાસ કરતા ધો. ૬ થી ૮ ના વિદ્યાર્થીઓએ ભાગ લીધેલ. આ સ્પર્ધામાં ગ્રાહક સુરક્ષાને લગતા વિષય જેમ કે, ગ્રાહકો સાથે થતી છેતરપિંડી, છેતરપિંડી સામે યોગ્ય પગલા લેવા, ફૂડ પેકેટની ઉત્પાદન તારીખ, અંતિમ તારીખ, ગુણવત્તા, કોન્ટીટી, ફૂડ પેકેટમાં વપરાયેલ ઘટકોનું પ્રમાણ સ્વાસ્થ્ય માટે યોગ્ય છે કે નહીં વગેરે બાબતોનો સમાવેશ કરવામાં આવેલ. આ વકતૃત્વ સ્પર્ધામાં ઉત્કૃષ્ટ દેખાવ કરનાર ધો. ૭માં અભ્યાસ કરતો વિદ્યાર્થી કાબરીયા અયાઝે પ્રથમ ક્રમાંક પ્રાપ્ત કરેલ. જયારે અન્ય સ્પર્ધકોને એક થી ત્રણ ક્રમાંક અપાયેલ. કાર્યક્રમનું સંચાલન આચાર્યશ્રી હિતેનકુમાર પંડયાએ કરેલ.

### ગ્રાહક સુરક્ષા અંતર્ગત રેલી :




શાળામાં તા. ૨૧ ડિસે.' ૨૨ ના રોજ ગ્રાહક સુરક્ષા અંતર્ગત **રેલી યાત્રા** યોજવામાં આવેલ. આ રેલી યાત્રામાં ધો. ૧ થી ૮ ના વિદ્યાર્થીઓએ ભાગ લીધેલ. રેલી યાત્રામાં વિદ્યાર્થીઓ દ્વારા બનાવવામાં આવેલા સ્લોગન સાથે 'જાગો ગ્રાહક જાગો' ના સૂત્રોચ્ચાર સાથે મોટેથી,

જોશથી નારા લગાવવામાં આવેલ. બાળકોએ ઉત્સાહભેર રેલીમાં ભાગ લઈ ગ્રાહક સુરક્ષા અભિયાનમાં ગ્રાહકો સાથે થતી છેતરપિંડી, એક ગ્રાહક તરીકે જવાબદારી, હક અને ફરજોથી ગ્રાહક જાગૃત થાય તે હેતુથી આ રેલી યાત્રા યોજવામાં આવેલ. આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન તમામ શિક્ષકો દ્વારા કરવામાં આવેલ.

## સ્લોગન સ્પર્ધા :

શાળામાં **સ્લોગન સ્પર્ધા**નું આયોજન કરવામાં આવેલ. આ સ્પર્ધામાં ધો. ૩ થી ૮ ના વિદ્યાર્થીઓએ ભાગ લીધેલ. વિદ્યાર્થીઓ દ્વારા ગ્રાહક સુરક્ષાને લગતા સ્લોગન તૈયાર કરવામાં આવેલ.

## CCC EXAM :

શાળામાં તા. ૧૭ ડિસે.'૨૨ ના રોજ ઓલ ઈન્ડિયા કમ્પ્યુટર ઈન્ફર્મેશન સોસાયટી દ્વારા સરકાર માન્ય 'CCC' ની પરીક્ષાનું આયોજન કરવામાં આવેલ. તેમાં ૨૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધો. જે વિદ્યાર્થીઓએ પરીક્ષા આપેલ તે તમામને સરકાર માન્ય સર્ટિફીકેટ આપવામાં આવશે. આ CCC ની Exam દેવેન્દ્ર પંડયા દ્વારા લેવામાં આવેલ. આ પરીક્ષાનું આયોજન આચાર્યશ્રી હિતેનકુમાર પંડયા દ્વારા કરવામાં આવેલ.

## સ્માર્ટ બોર્ડ ટ્રેનિંગ :

શાળામાં તા. ૧૯ ડિસે.'૨૨ ના રોજ શુભ એન્ટરપ્રાઈઝવાળા શ્રી આનંદભાઈ મહેતા દ્વારા તમામ શિક્ષકોને સ્માર્ટ બોર્ડથી માહિતગાર કરવા **સ્માર્ટ બોર્ડ ટ્રેનિંગ**નું આયોજન કરવામાં આવેલ. જેમાં શ્રી આનંદભાઈએ ટૂલ્સ વિશે વિગતવાર માહિતી આપેલ તથા આ ટેકનોલોજીના યુગમાં સરળતાથી ICT દ્વારા કાર્ય કરી શકાય તેની સમજ આપવામાં આવેલ. જેથી શિક્ષકો વધુ સારી રીતે સ્માર્ટ બોર્ડનો ઉપયોગ કરી, વિદ્યાર્થીઓ પાસે સ્માર્ટ વર્ક કરાવી શકે.

આ કાર્યક્રમમાં શિક્ષકોને જે મૂંઝવતા પ્રશ્નો હતા તે આનંદભાઈને પૂછી તેનું નિરાકરણ કરેલ. આ કાર્યક્રમનું સંચાલન આચાર્ય શ્રી હિતેનકુમાર પંડયા દ્વારા કરવામાં આવેલ.

## રાષ્ટ્રીય ગણિત દિવસની ઉજવણી :

શાળામાં તા. ૨૨ ડિસે.'૨૨ ના રોજ **રાષ્ટ્રીય ગણિત દિવસની ઉજવણી** કરવામાં આવેલ. કાર્યક્રમમાં ધો. ૬ થી ૮ ના વિદ્યાર્થીઓ માટે **ગણિત ક્વિઝ ટેસ્ટ**નું આયોજન કરવામાં આવેલ. ભારતીય ગણિતશાસ્ત્રી શ્રીનિવાસ રામાનુજનની જન્મજયંતિ અને ગણિત ક્ષેત્રમાં તેમના અજોડ યોગદાનની માહિતી વિદ્યાર્થીઓને આપવામાં આવેલ.

વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર આ ક્વિઝમાં ભાગ લીધેલ. આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન શાળાના શિક્ષક શ્રી દક્ષાબેન પંડયા અને શ્રી સાગરભાઈ પંડયા દ્વારા કરવામાં આવેલ.

## નાતાલ પર્વની ઉજવણી :

શાળામાં તા. ૨૫ ડિસે.'૨૨ ના રોજ **નાતાલ પર્વની ઉજવણી** કરવામાં આવેલ. નાતાલ પર્વની ઉજવણી બાલમંદિર તથા ધો. ૧ થી ૪ ના બાળકો દ્વારા રેડ થીમનું આયોજન કરવામાં આવેલ. તેમજ નાતાલ પર્વ શા માટે ઉજવવામાં આવે ? કયા ધર્મના લોકોનો તહેવાર છે ? તેની સંપૂર્ણ માહિતી બાળકોને આપવામાં આવેલ. બાલમંદિરના બાળકો સાન્તા કલોઝનો ડ્રેસ પહેરીને આવેલ. તેમજ અન્ય ધોરણના બાળકોએ રેડ કલરના કપડાં પહેરીને આવેલ અને રેડ નાસ્તાનું આયોજન કરવામાં આવેલ.

આવી રીતે સમગ્ર કાર્યક્રમનું આયોજન શાળાના બાલમંદિર વિભાગના શ્રી હિનાબેન તથા શિક્ષક શ્રી દક્ષાબેન પંડયા, શ્રી આરતીબેન ચૌહાણ અને શ્રી તેજસ્વીબેન દ્વારા કરાયેલ.

## સાફલ્ય ગાથા

બાળકનું નામઃ **રામદેવ રવીન્દ્રભાઈ મોરી,**
ઉંમર-**૧૧ વર્ષ**
દિવ્યાંગતા : **સ્પાસ્ટિક સી.પી. ક્વોડ્રીપ્લેજિક**

### સારવાર પહેલાં :

બાળક જયારે પ્રોજેકટમાં આવ્યો ત્યારે હાથની હલન-ચલન કરતો હતો, પરંતુ વસ્તુ પકડવામાં તકલીફ પડતી હતી. જેમકે, ટી-શર્ટ, પેન્ટ પહેરવામાં મુશ્કેલી પડતી હતી.

### એકિટવીટી ઓફ ડેઈલી લિવીંગની સારવાર :-

- બાળકની અનિયંત્રિત મુવમેન્ટને કારણે દરરોજ ટ્રેનિંગ દેવાના ભાગરૂપ, **સ્ટેપ બાય સ્ટેપ** બાળકને શીખવવામાં આવ્યું.
- બાળકના બંને હાથ વડે ટી શર્ટ પકડાવીને સપોર્ટથી માથામાં ટી શર્ટ પહેરાવ્યું.
- બાળક માથામાં ટી શર્ટ પહેરી લે પછી ડાબા હાથ વડે પહેરતા શીખવ્યું.
- ત્યારબાદ બંને હાથ વડે ટી શર્ટ નીચે ઉતારતા શીખવાડ્યું.
- તેવી જ રીતે પેન્ટ તથા શર્ટ બાળકને પહેરતા શીખવાડ્યું.

### સારવાર પછી :

પ્રોજેકટમાં જોડાયાના ત્રણ મહિનાના અંતે બાળક શર્ટ, ટીશર્ટ, પેન્ટ જાતે પહેરતા શીખી ગયો છે. બુટ-મોજાં પણ જાતે પહેરતા શીખ્યો. તથા પોતાની દિનચર્યા જાતે કરતા શીખી ગયો છે.


હર્ષાબેન પાડલિયા
કેરગિવર્સ


રામદેવ મોરી

# સ્વ. શ્રી મફતભાઈની યાદગાર તસ્વીરો


'અનંત ત્રિપુટી'. આનંદની ક્ષણોમાં...


ગુજ. ના મુખ્યમંત્રીના હસ્તે સન્માન...


કે.એલ. સુવર્ણજયંતિમાં કર્ણધારો...


'અનંત ત્રિપુટી'. ચર્ચામાં વ્યસ્ત...


સહ પરિવાર


પુત્રી રેશ્મા...


દામ્પત્ય જીવનનું પૂષ્પ...



સાથી કાર્યકરો...



ગુજ. ના પ્રધાનશ્રી હસ્તે સન્માન...



શ્રેષ્ઠ નાગરિક સન્માન શિશુવિહાર...



સાથી કાર્યકરો...



વિશિષ્ટ કામગિરી એવોર્ડ સ.સુ.ખા. ...



કે.એલ.માં ૫૦ વર્ષની માનદ્ સેવા બદલ...
પૂર્વ શેરીફ શ્રી મોહનભાઈ પટેલ હસ્તે...



પૂ. મોરારીબાપૂના સાનિધ્યમાં...



શ્રી વામનભાઈ પારેખ સાથે...


શ્રી જીતુભાઈ વાઘાણી સાથે...


શ્રી ખુશેન્દ્રભાઈ સાથે...


ઉદ્‌ઘાટન કરતા...


સર વિલ્સન (યુ.કે.) સાથે...


ધ્વજારોહણ કરતા...


સ્વ. દિવ્યાબેન મારવાડીના કાર્યક્રમમાં...


જન્મદિવસની ઉજવણી...



દીપ પ્રાકટ્ય કરતા...



બાળકોને પ્રોત્સાહિત કરતા...


બાળકોને પ્રોત્સાહિત કરતા...


મંચસ્થ મહાનુભાવો...




મંચસ્થ મહાનુભાવો...


ઈમ્પેક્ટ ફાઉન્ડેશન યુ.કે. ના કાર્યકરો સાથે...


અલ્પેશભાઈ ('અંકુર') ને આશીર્વાદ...


પાર્થિવ દેહને અંતિમ સન્માન...



# પી.એન.આર. સોસાયટી સંચાલિત ટિચર્સ ટ્રેનિંગ કોલેજ વિઝયુઅલી ઈમ્પાયર્ડ

✍ કિરણ રાજયગુરુ



### ‘અંકુર’ મંદબુધ્ધિ સ્કૂલ વિઝિટ :

તા. ૨૦ ડિસે.`૨૨ ના રોજ ટિચર્સ ટ્રેનિંગ કોલેજના પ્રથમ અને દ્વિતીય વર્ષના તાલીમાર્થીઓને ‘અંકુર’ મંદબુધ્ધિ સ્કૂલની મુલાકાત કરાવવામાં આવી હતી. જેમાં સ્કૂલના બાળકો અને તાલીમાર્થીઓએ પ્રાર્થના અને બાળસભામાં ભાગ લીધેલો. ત્યારબાદ સ્કૂલના અલગ-અલગ વિભાગ જેવા કે, ફિઝીયોથેરાપી, ઓક્યુપેશનલથેરાપી, ADL રૂમ, મ્યુઝિક થેરાપી, ખેલ-મેદાન અને MR TTC વિભાગની મુલાકાત લીધેલ. તેમજ સ્કૂલના વર્ગખંડ, તેમજ બેઠક વ્યવસ્થા અંગેની માહિતી તાલીમાર્થીઓએ પ્રાપ્ત કરેલ.

### ખી.લ. બહેરાં-મૂંગા શાળા, HI કોલેજ તથા AT&T વિભાગ વિઝિટ :

તા. ૨૬ ડિસે.`૨૨ ના રોજ ટિચર્સ ટ્રેનિંગ કોલેજના પ્રથમ અને દ્વિતીય વર્ષના તાલીમાર્થીઓને શ્રી ખી.લ. બહેરાં-મૂંગા સ્કૂલ, HI કોલેજ તથા AT&T વિભાગની મુલાકાત કરાવવામાં આવી હતી. જેમાં સ્કૂલના પ્રાથમિક, માધ્યમિક તેમજ ઉચ્ચતર માધ્યમિક સ્કૂલના વર્ગખંડ, ઓડિયોલોજી સેન્ટર, સ્પીચ થેરાપી સેન્ટર તેમજ AT&T વિભાગમાં કોમ્પ્યુટર લેબ, પુસ્તકાલય તેમજ HI કોલેજની પણ મુલાકાત કરાવવામાં આવી હતી. જેની માહિતી તાલીમાર્થીઓએ પ્રાપ્ત કરેલ.

### અંધ ઉદ્યોગ શાળા વિઝિટ :

તા. ૨૭ ડિસે.`૨૨ ના રોજ ટિચર્સ ટ્રેનિંગ કોલેજના પ્રથમ વર્ષના તાલીમાર્થીઓને અંધ ઉદ્યોગ શાળાની મુલાકાત કરાવવામાં આવી હતી. જેમાં અંધ ઉદ્યોગ શાળામાં આવેલ PNR હોસ્પિટલના તમામ વિભાગ જેવા કે OPD, ઓક્યુપેશનલ થેરાપી, ફિઝીયોથેરાપી, ડેન્ટલ વિભાગ, આંખ-કાનના વિભાગ, ઓર્થોપેડિક વિભાગ તથા CP સેન્ટરમાં સ્પીચ થેરાપી, તેમજ ડાર્ક રૂમ વગેરેની મુલાકાત લીધેલ. તદઉપરાંત અંધ ઉદ્યોગ શાળાના વર્ગખંડ, કમ્પ્યુટર લેબ, સાયન્સ લેબોરેટરી વગેરેની મુલાકાત લીધેલ તેમજ તમામ વિભાગની માહિતી તાલીમાર્થીઓએ ઉત્સાહપૂર્વક પ્રાપ્ત કરેલ.





# એ. ટી. એન્ડ ટી. ટેકનોલોજી ઈન્સ્ટિટ્યૂટ

✍ કૌશિક પરમાર



### પાલીતાણા ખાતે યોજાયો વિનામૂલ્યે કોમ્પ્યુટર ટ્રેનિંગ અવેરનેસ કેમ્પ

તા.૩૧ ડિસે.`૨૨ ના રોજ એ.ટી. એન્ડ ટી. ટેકનોલોજી ઈન્સ્ટિટ્યુટ દ્વારા પાલીતાણા ખાતે વિકલાંગો માટે વિનામૂલ્યે કોમ્પ્યુટર ટ્રેનિંગ અવેરનેસ કેમ્પ યોજવામાં આવેલ. અત્રે ઉલ્લેખનીય છે કે કોરોના મહામારી દરમ્યાન વિકલાંગો પોતાના ઘરે બેઠાં જ વિનામૂલ્યે કોમ્પ્યુટર ટ્રેનિંગ મેળવી શકે તે માટે ઓનલાઈન માધ્યમથી તાલીમ આપવાનું શરૂ કરવામાં આવેલ. સામાન્ય રીતે શારીરિક વિકલાંગોને અવરજવર કરવામાં થતી સમસ્યાને કારણે તેઓ વિવિધ તાલીમ મેળવવા સક્ષમ હોતા નથી. ઓનલાઈન પધ્ધતીથી કોમ્પ્યુટર ટ્રેનિંગ



મેળવવી વિકલાંગો માટે સરળ બની. આવી વ્યવસાયિક તાલીમ મેળવી વિકલાંગો વધુને વધુ સ્વનિર્ભર બની શકે તેવા હેતુથી ઓનલાઈન તાલીમનો વ્યાપ વધારવામાં આવ્યો. ગ્રામ્ય વિસ્તારના વિકલાંગોને આવી તાલીમ વિષે પૂરતી માહિતી પ્રાપ્ત થતી નથી

હોતી, તેથી તેઓ તાલીમની માહિતી પોતાના જ વિસ્તારમાં મેળવી શકે, તેમના વાલીઓ પણ માહિતગાર બને અને યોગ્ય માર્ગદર્શન મેળવી શકે તેવા હેતુથી અવેરનેસ કેમ્પ તાલુકા કક્ષાએ સમયાંતરે યોજવામાં આવે છે. જે તાલુકામાં વિકલાંગો વધુ સંખ્યામાં હોય, જેમને માર્ગદર્શનનો અભાવ હોય તેવા તાલુકા પસંદ કરવામાં આવે છે. અને વિનામૂલ્યે કેમ્પમાં રજીસ્ટ્રેશન કરવામાં આવે છે. આ હેતુને પાર પાડવા પાલીતાણા ખાતે કેમ્પ યોજવામાં આવેલ. વિકલાંગોનો ડેટાબેઝ મેળવી તેમને ટેલીફોનિક અને સોસ્યલ મીડિયાના માધ્યમથી કેમ્પની માહિતી આપવામાં આવેલ. અંદાજે ૨૦૦ લાભાર્થીઓએ કેમ્પમાં ઉપસ્થિત રહી, તાલીમ અંગે માહિતી અને માર્ગદર્શન મેળવ્યું હતું. કેમ્પ દરમ્યાન ચા-નાસ્તો આપવામાં આવેલ. કેમ્પમાં ઉપસ્થિત રહેલા વિકલાંગો પૈકી ૨૦ તાલીમાર્થીઓને પસંદ કરી તેમને તાલીમના સમયગાળા સુધી આધુનિક લેપટોપ, ઈન્ટરનેટનું રીચાર્જ કરેલ ડોંગલ, પુસ્તકો, સી.ડી., ઈયરફોન વિગેરે વિનામૂલ્યે આપવામાં આવશે. કેમ્પનું સંચાલન અને આયોજન શ્રી મેહુલભાઈ બુધેલિયાએ કરેલ. કેમ્પને સફળ બનાવવા સ્થાનિક કક્ષાએથી શ્રી નટુભાઈ ડાભી, શ્રી ભદ્રેશ સુતરીયા અને શ્રી તાહિર કાચવાલાનો સહયોગ સાંપડયો હતો.

## અમેરિકા સ્થિત સુશ્રી જયોત્સનાબેનની મુલાકાત




તા. ૨૦.૧૨.૨૦૨૨ ના રોજ અમેરિકા સ્થિત સુ. શ્રી જયોત્સનાબેન શાહ એ.ટી. એન્ડ ટી. ટેકનોલોજી ઈન્સ્ટિટયુટની મુલાકાતે પધારેલ. તેમણે અહીં અપાતી કોમ્પ્યુટર ટ્રેનિંગ વિષે માહિતી મેળવી હતી. ઓફલાઈન તાલીમ મેળવી રહેલા તાલીમાર્થીઓનું નિદર્શન કરેલ. વિભાગના સિનીયર એકઝિકયુટીવ શ્રી સુકેતુ શાહે તેમને વિભાગમાં અપાતી તાલીમ અંતર્ગત આવરી લેવાયેલ કોમ્પ્યુટર કોર્સ,કોર્સથી થતાં લાભો તેમજ રીડિંગ લાઈબ્રેરી, દિવ્યાંગોને અપાતી સાધન સહાય, ઓનલાઈન અપાતી તાલીમ દરમ્યાન આપવામાં આવતી સુવિધાઓ, સફળ દિવ્યાંગો કોમ્પ્યુટર પર જોબ વર્ક કરી દિવ્યાંગોને થતા આર્થિક ઉપાર્જનની વિસ્તૃત માહિતી આપેલ. શ્રી જયોત્સનાબેને પી.એન.આર. સોસાયટીની વિકલાંગોના સર્વાંગી વિકાસ માટે થતી આ પ્રવૃત્તિની સરાહના કરેલ.



# દિશા કમ વિકાસ પ્રોજેકટ

## દિવ્યાંગો માટે આશા કિરણ...

અમિત મિત્રા



## પીએટા વિઝન - ૨૦૨૨

તા. ૨૩, ૨૪, ૨૫ ડિસે. ’૨૨ ના રોજ પીએટા સંસ્થા દ્વારા આયોજિત જવાહર મેદાન ખાતે નટરાજ સી.પી. સ્કૂલ, ઓટિઝમ પ્રોજેકટ અને દિશા કમ વિકાસ પ્રોજેકટના બાળકો દ્વારા બનાવવામાં આવેલ વસ્તુઓનું વેચાણ કમ પ્રદર્શન માટે સ્ટોલ રાખવામાં આવેલ. જેમાં સંસ્થા વતી શ્રી રીનાબેન વસોયા અને શ્રી મીરાબેન પરમાર, શ્રી મહેશભાઈ વેગડે સેલિંગની કામગીરી સંભાળી હતી.

## ક્રિસમસ કાર્નિવલ

તા. ૨૪, ૨૫ ડિસે. ’૨૨ ના રોજ સંસ્થાના શુભચિંતક શ્રી અંબિકાબેન ટેકરીવાલ દ્વારા ઈસ્કોન કલબ ખાતે **ક્રિસમસ કાર્નિવલ**નું આયોજન કરવામાં આવેલ. જેમાં દિશા કમ વિકાસ પ્રોજેકટમાંથી બાળકો સાથે રહીને શ્રી હર્ષાબેને સ્ટોલમાં સેલિંગની કામગીરી સંભાળેલ.

## કાંકરિયા કાર્નિવાલ ખાતે પ્રવાસ

તા. ૨૮ ડિસે. ’૨૨ ના રોજ નટરાજ સી.પી. સ્કૂલ દ્વારા એક દિવસીય **પ્રવાસ**નું આયોજન કરવામાં આવેલ. જેમાં દિશા કમ વિકાસ પ્રોજેકટના ૪૫ વિદ્યાર્થી, વાલી તથા સ્ટાફે ભાગ લીધો હતો.

## મેગા એસેસમેન્ટ કેમ્પ

તા. ૭-૮ જાન્યુ. ’૨૩ ના રોજ **મેગા એસેસમેન્ટ કેમ્પ**માં આયોજન કરેલ. જે દરમ્યાન પ્રોજેકટના ૧૨ વિદ્યાર્થીઓનું સ્પે. એજ્યુકેશન તથા સ્પીચ થેરાપીનું એસેસમેન્ટ થયેલ. જેમાં સ્પે. એજ્યુકેશનમાં ડૉ. વસીમ અહેમદ (મુંબઈ) તથા સ્પીચ થેરાપીનું એસેસમેન્ટ ડૉ. અમીતકુમાર મોર્ય (હૈદરાબાદ) એ તપાસ કરેલ. જેમાં વાલીઓને ખૂબ જ સરસ માર્ગદર્શન મળેલ.

## ડ્રોઈંગ કોમ્પિટિશન

તા. ૮ જાન્યુ. ’૨૩ ના રોજ મોતિબાગ ટાઉનહોલ ખાતે **ચિત્ર સ્પર્ધા**નું આયોજન શાળા કક્ષાના વિદ્યાર્થીઓ માટે કરવામાં આવેલ. જેમાં સમધારણ શાળાના બાળકો સાથે દિશા કમ વિકાસ પ્રોજેકટના ચાર બાળકોએ પણ ભાગ લીધેલ. આ ચિત્ર સ્પર્ધામાં દિશા કમ વિકાસ પ્રોજેકટની વિદ્યાર્થીની શ્રી ઉર્વશીબેન ખીમજીભાઈ ચૌહાણે શિલ્ડ પ્રાપ્ત કરેલ.



# યુવક સંમેલન મુંબઈ લાઈબ્રેરી

✍ છાયા જોષી



## દિવ્યાંગ અવની લેખરાને પદ્મશ્રી એવોર્ડથી સન્માનિત કરવામાં આવશે



અવની લેખરા પેરાલિમ્પિયન છે. તેણે ટોકયો પેરાલિમ્પિક્સ-૨૦૨૦માં મહિલાઓની ૧૦ મીટર એર રાઈફલ સ્ટેન્ડિંગ કલાસ SH1 માં મેડલ જીતીને દેશનું નામ રોશન કર્યું છે. આવું કરનાર તે ભારતની પ્રથમ મહિલા બની છે. અવની લખેરા પેરા રાઈફલ શૂટર છે. તેને **ગોલ્ડન ગર્લ** પણ કહેવામાં આવે છે. તે દિવ્યાંગ છે. તે ૧૧ વર્ષની હતી ત્યારે વર્ષ ૨૦૧૨માં અવની અને તેના પિતા ધૌલપુર જઈ રહ્યાં હતાં, રસ્તામાં અકસ્માત થતા બંને ઘાયલ થયા હતાં, તેના પિતા થોડા સમય પછી સ્વસ્થ થઈ ગયા હતાં, પરંતુ કરોડરજ્જુની ઈજાને કારણે અવની પાંચ મહિના સુધી હોસ્પિટલમાં દાખલ હતી. તેને બેડ રેસ્ટ લેવો પડયો. તે પછી અવની બંને પગ પર ચાલી શકતી ન હતી અને વ્હીલચેર પર આવી હતી. અવની લેખરાને કેન્દ્ર સરકાર દ્વારા પદ્મશ્રી એવોર્ડથી સન્માનિત કરવાની જાહેરાત કરવામાં આવી છે. પેરા ઓલિમ્પિક ૨૦૨૦માં દેશ માટે ગોલ્ડ અને બ્રોન્ઝ મેડલ જીતનાર અવની લેખરાને, **પદ્મશ્રી એવોર્ડ**થી સન્માનિત કરવામાં આવશે.

## દેશની પ્રથમ દિવ્યાંગ યુનિવર્સિટી રાજસ્થાનમાં ટૂંક સમયમાં ખુલશે

પેરા ખેલાડીઓની માંગને સ્વીકારીને રાજસ્થાનના મુખ્યમંત્રી શ્રી અશોક ગેહલોતે કહ્યું છે કે પેરા ખેલાડીઓને ઉચ્ચ ટેકનિકલ તાલીમ મળી રહે તે માટે જયપુરમાં, **બાબા આમ્ટે દિવ્યાંગ વિશ્વ વિદ્યાલય** બનાવવામાં આવશે. ઓલિમ્પિક ગેમ્સમાં શાનદાર પ્રદર્શન કરવા માટે તાલીમ સાધનો અને પ્રેક્ટિસ માટે જયપુર અને જોધપુર ખાતે રેસિડેન્શિયલ સ્પોર્ટ્સ એકેડમિની સ્થાપના કરવામાં આવશે. દિવ્યાંગોને તેમની સંપૂર્ણ ક્ષમતા વાપરવા માટે અને ગૌરવપૂર્ણ, સ્વતંત્ર અને સંતોષકારક જીવન જીવવા માટે તેમને મદદ કરવા માટે બાબા આમ્ટે દિવ્યાંગ યુનિવર્સિટી જયપુર માટે, સરકારશ્રીએ જાહેરાત કરી છે.

## સક્સેસ સ્ટોરી

PNR સોસાયટીના નટરાજ કોલેજ કેમ્પસમાં આવેલ લાઈબ્રેરીમાં બાળકોને 'લર્ન વિથ ફન' થીમ પર વિવિધ એક્ટિવિટી જેવી કે, ડ્રોઈંગ, સ્પેલિંગ શોધો, મેથ્સ પઝલ, ટપકાં જોડીને ચિત્ર બનાવો વગેરે કરાવવામાં આવે છે. જેમાં દિશા કમ વિકાસ પ્રોજેકટનો વિદ્યાર્થી કાકડિયા હર્ષ નિયમિત લાઈબ્રેરીમાં આવે છે. હર્ષ જ્યારે પહેલી વાર લાઈબ્રેરીમાં આવ્યો ત્યારે મને એવું લાગ્યું કે તેને વાંચવું ખૂબ જ ગમે છે. પણ તેને થોડું થોડું વાંચતા આવડતું હતું. મે તેનામાં ધગશ જોઈ, આથી હું તેને ગમે તેવી ખૂબ જ ટૂંકી વાર્તા વાંચવા આપવા લાગી. ધીરે-ધીરે તેનો વાંચવાનો રસ વધવા લાગ્યો. મે તેને પ્રોત્સાહિત કર્યો, આમ ધીમે-ધીમે હર્ષને વાંચવામાં ફાવટ આવતી ગઈ. આજે હર્ષ ખૂબ જ સરળતાથી 'અકબર બિરબલના કિસ્સા', 'હિતોપદેશ', 'બકોર પટેલ' ની વાર્તાઓ વાંચે છે. હર્ષની ઉંમર માત્ર ૯ વર્ષની છે. તેણે તા. ૧૬ ડિસે.`૨૨ થી તા. ૧૩ જાન્યુ.`૨૩ દરમ્યાન, ૨૯ દિવસમાં ૪૩ પુસ્તકો વાંચીને એક નવો રેકોર્ડ બનાવ્યો છે. હર્ષે, શાહ પૂજાનો ૨૯ દિવસમાં ૪૨ પુસ્તકો વાંચવાનો રેકોર્ડ બ્રેક કર્યો છે. તેથી હર્ષને 'રીડર ઓફ ધ યર' એવોર્ડથી સન્માનિત કરવામાં આવે છે. હર્ષ જીવનમાં ખૂબજ આગળ વધે અને સફળતાના શિખરો સર કરે તેવી શુભેચ્છા.



હર્ષ કાકડિયા

## તળાજા રિસોર્સ સેન્ટર ખાતે પતંગોત્સવની ઉજવણી

પી.એન.આર. સોસાયટી સંચાલિત, તળાજા ખાતે ચાલતા મગજના લકવાગ્રસ્ત તેમજ મંદબુધ્ધિ દિવ્યાંગ બાળકોના સેન્ટર ઉપર **દિવ્યાંગ પતંગોત્સવ**નું આયોજન કરવામાં આવ્યું હતું. તેમાં દિવ્યાંગ બાળકો દ્વારા પતંગ ચગાવીને તેમજ સામુહિક જન્મ દિવસની ઉજવણી કરી, પતંગોત્સવની આનંદ ઉલ્લાસભેર અનોખી ઉજવણી કરવામાં આવી હતી. કાર્યક્રમને સફળ બનાવવા સેન્ટરના શ્રી પંકજભાઈ કટકિયા (સ્પે. એજયુકેટર) દ્વારા જહેમત ઉઠાવવામાં આવી હતી. સાથે ઉતરાયણ વિશે બાળકોને માહિતગાર કર્યા હતાં. અંતમાં બાળકોને પતંગ-ફિરકી, તલપાક, શિંગપાક તેમજ સૂકા નાસ્તાનું વિતરણ કરવામાં આવ્યું હતું.



# શ્રી શાહ ખી. લ. બહેરાં મૂંગા શાળા (પ્રાથમિક વિભાગ)



ગજાનંદ ભટ્ટ

## વેળાવદર પ્રકૃતિ શિક્ષણ શિબિર



વેળાવદર કાળિયાર રાષ્ટ્રિય ઉદ્યાન દ્વારા આયોજિત પ્રકૃતિ શિબિરમાં શાળાના ધો. ૮ ના કુલ ૫૦ બાળકો અને ૫ શિક્ષકોએ તા. ૧૬ થી ૧૭ ડિસે.`૨૨ બે દિવસ ભાગ લીધો હતો. આ શિબિરમાં કાળિયાર ઉદ્યાનના જુદા-જુદા પંખીઓ તથા વન્યજીવોને ખૂબ જ નજીકથી નિહાળ્યાં અને તેના વિશે રસપ્રદ માહિતી મેળવી. તેમજ આ ઉદ્યાનની વિવિધ વનસ્પતિઓ અને ખાસ કરીને કાળિયાર હરણ વિશે તલસ્પર્શી માહિતી મેળવી. ખાસ વન વિભાગ દ્વારા અમોને જુદી-જુદી માહિતીથી અવગત કરવા અમારી સાથે મોકલેલ પ્રકૃતિ પ્રેમી શ્રી હિતેશભાઈ પટેલે પોષણ કડી, પ્રકૃતિનું સંવર્ધન અને વન્યજીવોની વિવિધ સંકલ્પનાઓ પ્રકૃતિના સાનિધ્યમાં જ સ્પષ્ટ કરાવી. વન વિભાગ દ્વારા આયોજિત આ શિબિરમાં પ્રકૃતિ સાથે પોષણક્ષમ આહારની સુવ્યવસ્થા ઉપલબ્ધ કરાવવામાં આવી હતી. જેની આપણા બાળકોએ ભરપેટ મજા માણી હતી. શાળાના બાળકો અને શિક્ષકોનો ઉત્સાહ વધારવા માટે આચાર્યશ્રી હર્ષાબેન પણ શિબિરમાં સહભાગી થયા હતાં. ત્યાંના રેંજ ફોરેસ્ટ ઓફિસર શ્રી ગઢવી સાહેબ અને ફોરેસ્ટર શ્રી હરપાલસિંહ બંને શિબિર સમાપનમાં ખાસ આપણા બાળકો માટે ઉપસ્થિત રહ્યાં હતાં. તેઓને આપણી શાળાના બાળકોએ બનાવેલ ભેટ આપવામાં આવી હતી. અંતમાં હર્ષાબેને બંને અધિકારીઓ, ગાઈડ અને પ્રકૃતિ શિબિરમાં સહભાગી બનેલ તમામનો આભાર વ્યકત કર્યો હતો.

## યાદગાર પ્રવાસ

તા. ૨૧ ડિસે.`૨૨ ના રોજ ધો. ૬ થી ૮ ના શાળાના બાળકો અને શિક્ષકો અમદાવાદ 'પ્રમુખ સ્વામી શતાબ્દી મહોત્સવ' ની ઉજવણીમાં ગયા હતાં. તે સ્વામીનારાયણ સંપ્રદાય અને તેના સંતો તેમજ સેવાભાવી લોકોએ એક મહિનાનું આયોજન કર્યું હતું. છસો એકર જમીનમાં બનાવવામાં આવેલું પ્રમુખ સ્વામી નગર ખરેખર અદ્ભૂત



હતું. જેમાં અલગ-અલગ વિભાગોમાં બાળ ઘડતરથી લઈને 'વસુદેવ કુટુંબમ્' સુધીની સફર કરવાની આપણા બાળકોને ખૂબ મજા આવી. જેમાં ખાસ આપણા બાળકોએ 'બૂજો' ફિલ્મ નિહાળી જેમાંથી માતા-પિતાની વાત માનવી અને તેને આદર આપવો તે શીખ્યાં. 'શેરુ' માં પોતાનામાં રહેલા નિમ્ન વિચારોને ફગાવીને કઈ રીતે જીવનમાં આગળ વધી શકાય ? ગુરુના માર્ગદર્શનથી શ્રેષ્ઠ જીવન મળે તે બોધપાઠ મળ્યો અને 'સુવર્ણા' ની અભિવ્યક્તિમાં પોતાનામાં રહેલી શ્રધ્ધા અને વિશ્વાસથી બધા કાર્યો પાર પાડી શકાય તેવી સમજ મળી. આ ઉપરાંત ત્યાં પ્રમુખ સ્વામી મહારાજની મોટી મૂર્તિ બનાવવામાં આવી છે. સ્વામીનારાયણ ભગવાનનું મંદિર ગ્લોવ ગોર્ડન અને છેલ્લે લાઈટ એન્ડ સાઉન્ડ શો જોઈને બાળકો તેમજ શિક્ષકો ખુશ ખુશાલ થઈ ગયા. ત્યાંની જમવાની વ્યવસ્થા અને જમવામાં આપવામાં આવેલ વાનગીથી આશ્ચર્ય પામ્યા હતાં. સમગ્ર પ્રવાસનું આયોજન અને સફળ બનાવવામાં પ્રવાસ મંત્રી શ્રી નરેન્દ્રભાઈએ ભારે જહેમત ઉઠાવી હતી.

## હસ્તગિરિ તથા પાલિતાણા જૈન તીર્થનો પ્રવાસ



શાળાના પ્રાથમિક વિભાગના ધો ૩ થી ૫ ના સર્વે વિદ્યાર્થીઓ તથા શિક્ષક મિત્રોનો એક પ્રવાસ તા. ૨૧ ડિસે.`૨૨ ના રોજ **હસ્તગિરિ તથા પાલિતાણા જૈન તીર્થધામ** ખાતે યોજાઈ ગયો. જે અંતર્ગત શાળામાંથી બે બસ દ્વારા યાત્રાધામે પહોંચ્યા. જયાં સવારનો નાસ્તો,

બપોરનું ભોજન તથા તીર્થ દર્શનનો લાભ લઈ, હસ્તગિરિ મુકામે ભવ્ય જૈન દેરાસર તથા પ્રાકૃતિક સૌંદર્યમાં રમ્યા, ફર્યા, બાદમાં પરત ફરતા રસ્તામાં એક સુંદર સ્થળ રોહિશાળા તીર્થની મુલાકાત લીધેલ. રોહિશાળા ખાતે શેત્રુંજી નદીનો સુંદર બાંધેલો ઘાટ તથા સાંજની આરતી જેમાં પર્વતની આરતી તથા નદીની આરતીનો સમાવેશ થયેલ, તેનો લાભ લીધેલ. સાંજે ખૂબ આનંદ કર્યા બાદ સર્વે ભાવનગર પરત આવેલ. આ પ્રવાસ એક યાદગાર સ્મૃતિ બની રહેલ.

## બોરતળાવ પ્રવાસ



તા. ૨૧ ડિસે.`૨૨ ના રોજ બાળવર્ગ-૧, ૨ તથા ધો. ૧, ૨ ના ૫૮ બાળકો **બોરતળાવ** પ્રવાસમાં ગયા. બોરતળાવના નૈસર્ગિક વાતાવરણમાં બાળકો રમ્યા, નાસ્તો કર્યો, દર્શન કર્યાં અને સાંજે પરત કરેલ.

## શ્રવણયંત્ર વિતરણ કાર્યક્રમ



શાળા ખાતે તા. ૨૭ ડિસે.`૨૨ ના રોજ શાળામાં અભ્યાસ કરતા બાળકોને તેની શ્રવણક્ષતિને અનુરૂપ **૨૩ શ્રવણયંત્ર** આપવામાં આવ્યા હતાં. આ શ્રવણયંત્ર હસુમતિ હિયરીંગ કોર્પસ ફંડમાંથી આપવામાં આવ્યા. આ કાર્યક્રમમાં ચીફ ગેસ્ટ તરીકે શ્રી ચેતનાબેન કોઠારી ઉપસ્થિત રહયાં હતાં. તેઓના હસ્તે બાળકોને શ્રવણયંત્ર આપવામાં આવ્યાં હતાં. કાર્યક્રમમાં ઉપસ્થિત સંસ્થાના માનદ મંત્રી શ્રી અશ્વિનભાઈ પંડયા, શ્રી રાજુભાઈ હકાણી અને શ્રી બિંદીબેને તેઓના આ સરાહનીય કાર્યને બિરદાવ્યું હતું. સમગ્ર કાર્યનું સંચાલન શ્રી પ્રિતીબેને કર્યું હતું.

## 'સ્પોર્ટસ : સ્ટેટ લેવલ ટુર્નામેન્ટ'




શાળાના ધો. ૮ થી ૧૨ ના વિદ્યાર્થીઓ ઓલ ગુજરાત સ્પોર્ટસ કાઉન્સિલ ઓફ ધ ડેફ આયોજિત ૧૧મી ઓલ ગુજરાત એથ્લેટિક્સ એન્ડ વોલીબોલ ટુર્નામેન્ટ ઓફ ધ ડેફની સ્પર્ધા નડિયાદ ખાતે તા. ૨૪, ૨૫ ડિસે.`૨૨ ના રોજ યોજાઈ ગયેલ. શાળાના વિજેતા વિદ્યાર્થીઓની યાદી નીચે મુજબ છે.

| ક્રમ | નામ | ધોરણ | વય જૂથ | વિજેતા નંબર | રમત |
|---|---|---|---|---|---|
| ૧. | હિરલ બારૈયા | ૮ | ૧૮ વર્ષથી નીચે | પ્રથમ | ૧૦૦ મી. દોડ, ૨૦૦ મી. દોડ, ૪ X ૧૦૦ રીલે દોડ |
| ૨. | માનસી ઘાસકટ્ટા | ૧૨ | ૧૮ વર્ષથી ઉપર | પ્રથમ | ૧૦૦ મી. દોડ, ૪ X ૧૦૦ રીલે દોડ |
| ૩. | જયોતિ ડોડિયા | ૧૨ | ૧૮ વર્ષથી ઉપર | પ્રથમ, દ્વિતીય તૃતિય | ૪ X ૧૦૦ રીલે દોડ, ૧૦૦ મી. દોડ, ૨૦૦ મી. દોડ |
| ૪. | પ્રભા સોલંકી | ૧૨ | ૧૮ વર્ષથી ઉપર | પ્રથમ | ૨૦૦ મી. દોડ, ૪૦૦ મી. દોડ, ૪ X ૧૦૦ રીલે દોડ |
| ૫. | અમિત ડાભી | ૧૨ | ૧૮ વર્ષથી ઉપર | તૃતિય | ૪ X ૧૦૦ રીલે દોડ |
| ૬. | ભગીરથ માખણા | ૧૨ | ૧૮ વર્ષથી ઉપર | તૃતિય | ૪ X ૧૦૦ રીલે દોડ |
| ૭. | ભરત વસરા | ૧૦ | ૧૮ વર્ષથી ઉપર | તૃતિય | ૪ X ૧૦૦ રીલે દોડ |
| ૮. | સાગર ભારોલા | ૧૦ | ૧૮ વર્ષથી ઉપર | તૃતિય | ૪ X ૧૦૦ રીલે દોડ |

◈ **જેમાં ઈન્દોર ખાતે નેશનલ લેવલ માટે પસંદગી પામેલ વિદ્યાર્થીઓ : ૧. વોલીબોલ :** ૧. સાકીરઅલી કરમૂણા, ૨. જીજ્ઞા વાણિયા

**૨. એથ્લેટિક દોડ :** ૧. હિરલ બારૈયા, ૨. માનસી ઘાસકટ્ટા, ૩. પ્રભા સોલંકી અને ૪. જયોતિ ડોડિયા

સંસ્થાના મંત્રી શ્રી અશ્વિનભાઈ પંડયા, આચાર્યશ્રી શૈલેષભાઈએ દરેક વિદ્યાર્થીઓને ખૂબ-ખૂબ અભિનંદન પાઠવેલ. સમગ્ર રમતનું માર્ગદર્શન શાળાના રમત શિક્ષક શ્રી સંદિપભાઈ ગોસ્વામી દ્વારા આપવામાં આવેલ. ઈન્દોર ખાતે યોજાયેલ નેશનલ ડેફ ચેમ્પિયન શીપમાં આપણી શાળાના રમત શિક્ષક શ્રી સંદિપભાઈ ગોસ્વામીને એથ્લેટિક સ્પર્ધામાં નેશનલ ગુજરાત ટીમના કોચ તરીકે સતત ત્રીજીવાર પસંદગી પામેલ. જેના માટે સંસ્થા પરિવાર ગૌરવની લાગણી અનુભવે છે અને તેને અભિનંદન પાઠવેલ.



# શ્રીમતી મહાલક્ષ્મીબેન અને શ્રી જગન્નાથ એ. મહેતા શ્રવણમંદોની માધ્યમિક અને ઉ. મા. શાળા

જ્યોતિ ભટ્ટી



## ફિલ્મ‘કોલમ’ (ગુડ ટચ-બેંક ટચ અંગે જાગૃતતા)



સરકારશ્રીની સુચના અનુસાર શાળામાં ધો. ૯ થી ૧૨ વિદ્યાર્થીઓને ‘કોલમ’ ફિલ્મ તા. ૩૦ ડિસે.`૨૨ ના રોજ બતાવવામાં આવી. આ ફિલ્મ દ્વારા વિદ્યાર્થીઓને **ગુડ ટચ અને બેડ ટચ** સમજે, તેમજ તે અંગે જાગૃતતા કેળવે તે હેતુથી NCERT ની લીંક દ્વારા બતાવવામાં આવી છે. આ ફિલ્મથી વિદ્યાર્થીઓને ગુડ ટચ અને બેડ ટચ અને ખૂબ જ સારી સમજ પડે અને ભવિષ્યના આ અંગેની ઘટનાઓ રોકી શકાય તે હેતુસર ખૂબ જ ઉપયોગી જાણકારી આપવામાં આવી. આ અંગેની સમગ્ર કામગીરી શિક્ષક શ્રી યોગેશભાઈ દ્વારા કરવામાં આવી.

## ‘અવિસ્મરણીય પ્રવાસ’ :



શાળામાં ધો. ૧ થી ૧૨ ના કુલ ૧૩૯ શ્રવણમંદ વિદ્યાર્થીઓ અને સ્ટાફ (શાળા તેમજ હોસ્ટેલ), પોઈચા, સરદાર સરોવર તેમજ ATAPI WONOER LAND ની વડોદરાની મુલાકાતે ગયા હતાં. તા. ૪ જાન્યુ.`૨૩ ના રોજ નીકળી તા. ૬ જાન્યુ.`૨૩ ના રોજ પરત ફર્યાં. સમગ્ર પ્રવાસ, દાતા શ્રી સી.જે. પેમાસ્ટર બચપન કોર્પસ ફંડ દ્વારા સ્પોન્સર કરવામાં આવેલ. પોઈચામાં સ્વામીનારાયણ મંદિરે દર્શન કરી, નયનરમ્ય રમણીય વાતાવરણ નિહાળ્યું, ત્યારબાદ સરદાર સરોવર ખાતે સ્ટેચ્યુ ઓફ યુનિટી, જંગલ સફારી-જેમાં સિંહ, સફેદ વાઘ, વાંદરા, પક્ષીઓ વિગેરે જોયા, તેમજ લાઈટ એન્ડ સાઉન્ડ શો જોઈ વિદ્યાર્થીઓ ખૂબજ પ્રભાવિત થયા. પોઈચા ખાતે રાત્રી રોકાણ કરી, વડોદરા ATAPI WONOER LAND જોવા ગયા. ત્યાં જુદી-જુદી રાઈડ્સમાં વિદ્યાર્થીઓ બેઠા, તેમાં સાહસિકતાનો અદ્‌ભૂત અનુભવ કરાવતી રાઈડ્સમાં બેસવાની વિદ્યાર્થીઓને ખૂબ મજા આવી. ગુલાબી ઠંડીમાં સવારનો ગરમ નાસ્તો, ચા, બપોરનું તેમજ રાત્રિના વિવિધ સ્વાદિષ્ટ ભોજનની પણ મજા માણી. સહુ અવિસ્મરણીય યાદગીરી લઈને ભાવનગર પરત ફર્યાં. પ્રવાસનું આયોજન તેમજ માર્ગદર્શન આચાર્યશ્રી શૈલેષભાઈ દવે દ્વારા કરવામાં આવ્યું, તેમજ સંચાલન શ્રી વિરેન્દ્રભાઈ તેમજ શ્રી ધ્રુવિબેન દ્વારા કરવામાં આવ્યું. સ્ટાફના સહયોગથી પ્રવાસ સફળતાથી પૂર્ણ થયો.

## શૃંગાર પ્રોજેક્ટની તાલીમાર્થીઓનું અભિવાદન :



શાળામાં વર્ષ ૨૦૦૯ થી USEI - કેનેડાના સહયોગથી **શૃંગાર પ્રોજેક્ટ** ચલાવવામાં આવે છે. જેમાં વર્ષ ૨૦૨૨-`૨૩ માં ધો. ૧૧ તથા ધો. ૧૨ ની કુલ ૨૦ વિદ્યાર્થીનીઓને તાલીમ આપવામાં આવી. શ્રવણમંદ વિદ્યાર્થીઓ માટે અભ્યાસ પૂરો થયા બાદ, કાર્ય કરવા માટે શ્રવણમંદતા બાધારૂપ બનતી હોય છે. તેથી વિદ્યાર્થીઓને આ કોર્સની તાલીમ આપવામાં આવે છે કે જેથી તે પગભર થઈ શકે, તેમજ આજીવિકા પ્રાપ્ત કરી ઉચ્ચ જીવન ધોરણ જીવી શકે. ત્રણ મહિનામાં આ કોર્સ દરમ્યાન આઈ-બ્રો, ફેસિયલ, હેર સ્ટાઈલ વગેરે ચોકસાઈપૂર્વક કરવાનું શીખવવામાં આવ્યું. તેમજ ઉપયોગી વસ્તુઓ, તેના નામ, તેની તારીખ વગેરે વિશે સમજાવવામાં આવ્યું. તાલીમપૂર્ણ થયા બાદ પરીક્ષા લેવામાં આવી તથા તે અંગે નિર્ણાયક શ્રી જાનકીબેન ભાવિકભાઈ ત્રિવેદી, શ્રી ફાલ્ગુનીબેન દસાડિયા તેમજ શ્રી દર્શનાબેન શાહ દ્વારા સેવા આપવામાં આવી તેઓશ્રીનું મોમેન્ટો દ્વારા સન્માન કરવામાં આવ્યું. દરેક વિદ્યાર્થીનીઓને સર્ટિફીકેટ તથા કીટ આપવામાં આવ્યા. તથા પ્રથમ ત્રણ નંબર મેળવનાર છ દિકરીઓને શ્રી મુકેશભાઈ દસાડિયા દ્વારા રૂા. ૫૦૦/- દરેકને ભેટ આપવામાં આવ્યા. કાર્યક્રમમાં સંસ્થાના ખજાનચી શ્રી જીતુભાઈ શાહ, શ્રી રાજુભાઈ હકાણી, શ્રી શૈલેષભાઈ દવે, શ્રી હર્ષાબેન આશરા, શ્રી સંતોષભાઈ યાદવ વગેરે ઉપસ્થિત રહયાં હતાં તથા સહુએ શ્રવણમંદ દીકરીઓને શુભેચ્છા પાઠવેલ. આ કોર્સના કો-ઓર્ડિનેટર શ્રી ભક્તિબેન મહેતા દ્વારા સમગ્ર કોર્સનું સંચાલન કરવામાં આવ્યું તથા શ્રી જાનવીબેન ચૌહાણ દ્વારા ખૂબ સુંદર રીતે તાલીમ આપવામાં આવી. સમગ્ર કાર્યક્રમનું સંકલન શ્રી જયોતિબેન ભટ્ટી દ્વારા કરવામાં આવ્યું.



# શ્રીમતી પ્રભાકુંવરબહેન રતિલાલ વાઘર કૃત્રિમ સાધન સહાય વર્કશોપ



✍ વિપુલ જેઠવા

◈માહે ડિસેમ્બર માસમાં લોકલ લેવલે કુલ ૩૦૦ જેટલા લાભાર્થીઓને તપાસવામાં આવેલ છે. જેમાંથી આશરે ૪૩૨ જેટલા જુદા-જુદા સાધનો જેવા કે, અડધા પગ-૦૯, ની-બ્રેસ-૨૭૬, હેન્ડ સ્પ્લીન્ટ-૦૮, સ્પાઈનલ ઓર્થોસિસ-૨૯, કેલિપર-૧૦, એ.એફ.ઓ.-૧૭, પ્લાસ્ટિક ઓર્થોસિસ-૦૧, ઓર્થોશુઝ-૦૧ જોડી તથા ૮૧ જુદા જુદા સાધનો જેવા કે, વાલગસ પેડ, એલ. એસ. બેલ્ટ, રીપેરિંગ કામ વિગેરે પૂરાં પાડવામાં આવેલ હતાં. તેમજ જરૂરિયાતમંદ દર્દીઓને સર્વાઈકલ કોલર, ફકત ટોકન પેમેન્ટથી પૂરૂં પાડવામાં આવેલ હતું.

◈માહે ડિસેમ્બર`૨૨ માં સંસ્થામાં ગત માસે કૃત્રિમ હાથ-પગનો કેમ્પ ડૉ. નાયક દ્વારા, કોરબા (છત્તીસગઢ) મુકામે યોજાયેલ. જેમાં ૯૫ લાભાર્થીઓને પર આખા પગ અને ૬૦ અડધા પગ પૂરાં પાડવામાં આવેલ હતાં.

◈સંસ્થાના સિનિયર ડૉ. નાયક તથા હાલના પી. એન્ડ ઓ. શ્રી વિપુલભાઈ દ્વારા માહે ડિસેમ્બર માસમાં અમદાવાદ, જામનગર, પીલબીટ, બીલાસપુર મુકામે ની-બ્રેસ કેમ્પ યોજાયેલ. જેમાં કુલ ૧૨૫૮ જેટલી ની-બ્રેસ બનાવેલ હતી.



# શ્રી શાહ કે. એલ. ઈન્સ્ટિટયૂટ ફોર ધ ડેફ - ટ્રસ્ટ સંચાલિત શ્રી કે. કે. અજમેરા ટિચર્સ ટ્રેનિંગ કૉલેજ (હિયરિંગ ઈમ્પાયર્ડ)



✍ ડો. સંતોષ યાદવ

## રિસર્ચ પેપર્સ પબ્લિકેશન :

◈ પ્રિન્સિપાલ ડૉ. સંતોષભાઈ યાદવ અને અલીયાવર જંગના પૂર્વ ડાયરેકટર ડૉ. સુની મેથ્યુના સંયુકત ઉપક્રમે ડિસે. માસમાં **"PERCEPTION OF MAINSTREAM SCHOOL PRINCIPALS ABOUT PRAGNA APPROACH AND EDUCATION OF CHILDREN WITH SENSORY DISABILITIES IN GUJARAT"** ટોપીકના રિસર્ચ પેપર, ઈન્ટરનેશનલ જર્નલ ઓફ રિસર્ચ એન્ડ અનાલિટિકલ રિવ્યુ ૨૩૪૯-૫૧૩૮ ડિસે.`૨૨ વોલૂમ૪ માં પ્રકાશિત કરવામાં આવેલ.

◈ પ્રિન્સિપાલ ડૉ. સંતોષભાઈ યાદવ અને AIISH મૈસુરના વિશેષ શિક્ષા વિભાગના વિભાગાધ્યક્ષ ડૉ. આલોકકુમાર ઉપાધ્યાય દ્વારા જાન્યુઆરી માસમાં **"CHALLENGES FACED BY TRAINEE TEACHERS IN ACCESS THE ONLINE LEARNING DURING COVID-19 PANDEMIC"** ટોપીકના રિસર્ચ પેપર જર્નલ ઓફ સાઈકલ રિસર્ચ ૦૦૨૨-૧૯૪૫ જાન્યુ.`૨૩ વોલૂમ૧૫ માં પ્રકાર્શિત કરવામાં આવેલ.

◈ કોલેજના આસિ. પ્રોફે. શ્રી અજીતકુમાર દ્વારા **National Education Policy : Perspective of Teachers Education** પર રિસર્ચ પેપર **IJMASRI** જર્નલ ૨૫૮૨-૨૦૨૨ વોલ્યુમ૦૨ માં પ્રકાશિત કરવામાં આવેલ.

## પેપર પ્રેઝન્ટેશન અને પાર્ટિસિપેસન :

કોલેજના પ્રિન્સિપાલ ડૉ. સંતોષભાઈ યાદવ દ્વારા ગુજરાતમાં સંવેદિય અક્ષમતા ધરાવતા બાળકોના પ્રજ્ઞા અભિગમમાં શિક્ષણ વિશે, મુખ્ય પ્રવાહના શાળાના આચાર્યોની ધારણા ઉપર AIISH મૈસુર દ્વારા Role of Early childhood care and Education (ECCE) for children with Communlcation Disorders with to NEP 2022 પર આયોજિત નેશનલ સેમિનારમાં તા. ૧૪-૧૫ ડિસે.`૨૨ ના રોજ પેપર પ્રેઝન્ટેશન અને પાર્ટિસિપેસન કરવામાં આવેલ અને આજ સેમિનારમાં શ્રી અજીતકુમારના વતી તેમના પી.એચ.ડી. માર્ગદર્શક ડૉ. દિપકકુમાર ત્રિપાઠી "Language and Communication Challenges for Hearing Impalrment at Pre-Primary Level" પર પેપર પ્રેઝન્ટેશન કરવામાં આવેલ.

## સંસ્થા વિઝિટ :

વર્ષ ૨૦૨૨`-૨૪ ના બી.એડ. અને ડી.એડ. સ્પેશ્યલ એજ્યુકેશન (એચ.આઈ.) નવા પ્રવેશ પામેલ તાલીમાર્થીઓના અભ્યાસક્રમ અનુસાર પ્રત્યક્ષ નિરીક્ષણ કરી, વધારે સારી રીતે સમજ મેળવી શકે તે માટે તા. ૧૦ ડિસે.`૨૨ ના રોજ ઘરશાળા તેમજ તા. ૧૨ ડિસે.`૨૨ ના રોજ વિશુધ્ધાનંદ શાળાની વિઝિટ કરાવવામાં આવેલ.

## ઈન્ટરનલ પરીક્ષા :

ડી. એડ. સ્પેશ્યલ એજ્યુ. (એચ.આઈ.) ૨૦૨૧`-૨૩ બેચના તાલીમાર્થીઓના તા. ૨૬-૨૮ ડિસે.`૨૨ ના રોજ પ્રેકિટકલ અને થીયરીની આંતરિક પરીક્ષા યોજાય ગઈ.

## એક્સટર્નલ પરીક્ષા :



ડી.એડ. સ્પેશ્યલ એજ્યુ. (એચ.આઈ.) બેચ ૨૦૨૧-૨૩ ની બેચના તાલીમાર્થીઓની પ્રેક્ટિકલ અને થીયરીની એક્સટર્નલ પરીક્ષા તા. ૯ જાન્યુ.'૨૩ થી ૧૨ જાન્યુ.'૨૩ દરમ્યાન યોજાય ગઈ. જેમાં સ્પીચ, ઓડિયો, ટીચિંગ કન્ટેન્ટ ટેસ્ટ લેવામાં આવેલ. આર.સી.આઈ. દ્વારા પસંદગી પામેલ એક્સટર્નલ એક્ઝામિનર તરીકે ઓડિયોલોજીસ્ટ શ્રી સંકેતભાઈ, પ્રાથમિક શાળાના શિક્ષક શ્રી સેજલબેન મહેતા અને શ્રી જયોતિબેન બારૈયા, તેમજ ઈન્ટરનલ એક્ઝામિનર તરીકે ડૉ. સંતોષભાઈ યાદવ અને શ્રી અજીતકુમાર અને શ્રી દયાબેન વકાણીએ ફરજ બજાવેલ.

## એલ.આઈ.સી. :

શ્રી કે.કે. અજમેરા ટીચર્સ ટ્રેનિંગ કોલેજમાં બી.એડ. સ્પેશ્યલ એજ્યુ. (એચ.આઈ.) નું ચાલુ જોડાણ વધારવા માટે તા. ૧૨ જાન્યુ.'૨૩ ના રોજ મહારાજા કૃષ્ણકુમારસિંહજી ભાવનગર યુનિવર્સિટી દ્વારા એલ.આઈ.સી. માટે પ્રો. વી.એ. મોદી (ચેરમેનશ્રી, વાણિજ્ય ભવન), પ્રો. એમ. જે. પરમાર (ઈતિહાસ ભવન), ડૉ. જિજ્ઞાબેન દવે (સરકારી મેડિકલ કોલેજ) દ્વારા ઈન્સ્પેક્શન કરવામાં આવેલ.

## ઈન્ટર્નશીપ :

કોલેજમાં બી.એડ. સ્પેશ્યલ એજ્યુકેશન (એચ.આઈ.) ૨૦૨૧-'૨૩ની બેચના તાલીમાર્થીઓની ઈન્ટર્નશીપ કૃષ્ણકુમારસિંહજી અંધ શાળામાં તા. ૨૬ ડિસે.'૨૨ થી ૧૦ જાન્યુ.'૨૩ દરમ્યાન યોજાય ગઈ.

## પ્રવાસ :

અમદાવાદ ખાતે તા. ૧૫ ડિસે.'૨૨ થી ૧૫ જાન્યુ.'૨૩ દરમ્યાન યોજાયેલ પ્રમુખ સ્વામી શતાબ્દી મહોત્સવમાં સંસ્થાના પ્રાથમિક વિભાગ દ્વારા તા. ૨૧ ડિસે.'૨૨ ના રોજ પ્રાથમિક શાળાના બાળકો અને કોલેજના તાલીમાર્થીઓને પ્રવાસ લઈ જવામાં આવેલ.



## બી.એડ. (એચ.આઈ) પરિણામ :

મહારાજા કૃષ્ણકુમારસિંહજી ભાવ. યુનિ. દ્વારા બી.એડ. સ્પે. એજ્યુ. (એચ.આઈ) ની પરીક્ષા લેવામાં આવેલ. જેમાં વર્ષ ૨૦૨૧-'૨૩ સેમેસ્ટર-૩ માં ૬ તાલીમાર્થી અને વર્ષ ૨૦૨૨-'૨૪ સેમેસ્ટર-૧ માં ૭ તાલીમાર્થીઓએ પરીક્ષા આપેલ. જેનું ૧૦૦% પરિણામ આવેલ.

## આર.સી.આઈ. દ્વારા ઈન્સ્પેકશન :

- આર.સી.આઈ. દ્વારા બી.એડ. સ્પે. એજ્યુ. (એચ.આઈ) નું ઈન્સ્પેકશન તા. ૧૬ જાન્યુ.'૨૩ ના રોજ કરવામાં આવેલ. જેમાં આર.સી.આઈ. ના પ્રતિનિધિ તરીકે અલીયાવર જંગ નેશનલ ઈન્સ્ટિટ્યુટમાં એજ્યુકેશન ડિપાર્ટમેન્ટના (નિવૃત) હેડ શ્રી વર્ષા ગટ્ટુ મેડમ અને શ્રી પી.કે. મેહતા કોલેજ ફોર સ્પે. એજ્યુકેશન, પાલનપુરના આસિ. પ્રો. શ્રી ધવલભાઈ વ્યાસ દ્વારા સંસ્થાના મંત્રી શ્રી અશ્વિનભાઈ પંડયા, ખજાનચી શ્રી જીતુભાઈ શાહ, કોલેજના ચેરમેન શ્રી ધીરૂભાઈ ધંધુકિયા, કોલેજના આચાર્ય શ્રી શૈલેષભાઈ દવે, ઓ.એસ. શ્રી સૂર્યકાંતભાઈ ચાવડા સાથે મુલાકાત કરી સંસ્થાની પ્રાથમિક શાળા, માધ્યમિક શાળા, લાઈબ્રેરી, ઓડિયો, સ્પીચ વિભાગનું નિરીક્ષણ કરવામાં આવેલ. અને ત્યારબાદ કોલેજમાં બી.એડ. ના તાલીમાર્થીઓ સાથે પ્રશ્નોત્તરી કરેલ, તેમજ ઈન્સ્પેકશનની અન્ય કાર્યવાહી કરવામાં આવેલ.
- આર.સી.આઈ. દ્વારા બી.એડ. સ્પે. એજ્યુ. (એચ.આઈ) નું ઈન્સ્પેકશન તા. ૧૯ જાન્યુ.'૨૩ ના રોજ કરવામાં આવેલ. જેમાં આર.સી.આઈ. ના પ્રતિનિધિ તરીકે અલીયાવર જંગ નેશનલ ઈન્સ્ટિટ્યુટના ડૉ. ગાયત્રી આહુજા મેડમ અને શ્રી નિશા ગ્રોવર, અક્ષય ટ્રસ્ટ, વડોદરાથી પધારેલ. જેમને સૌ પ્રથમ સંસ્થા મુલાકાત કરેલ અને ત્યારબાદ કોલેજમાં ડી.એડ.ના તાલીમાર્થીઓ સાથે પ્રશ્નોત્તરી કરેલ તેમજ ઈન્સ્પેકશનની કાર્યવાહી કરવામાં આવેલ.

## સ્લો-લર્નર તેમજ લર્નિંગ ડિસેબિલિટી ધરાવતા બાળકોને શોધવા અસેસમેન્ટ કેમ્પનું આયોજન

PNR સોસાયટી, ભાવનગર અને ડિસ્ટ્રિકટ મિનરલ ફાઉન્ડેશન-અમરેલીના સંયુકત ઉપક્રમે ચાલતા સ્લો-લર્નર પ્રોજેકટ અંતર્ગત ત્રીજા તબક્કામાં તા. ૫ જાન્યુ.'૨૩ ના રોજ બગસરા તાલુકાના, માણેકવાડા પ્રાથમિક શાળા ખાતે અને કુકાવાવ તાલુકાના, તોરી પ્રાથમિક શાળામાં, તેમજ તા. ૬ જાન્યુ.'૨૩ ના રોજ લાઠી તાલુકાના, મેમદા ગામે, પ્રાથમિક શાળામાં સ્લો-લર્નર તેમજ લર્નિંગ ડિસેબિલિટી ધરાવતા બાળકોને શોધવા અસેસમેન્ટ કેમ્પ કરવામાં આવેલ. જેમાં એક્ષપર્ટ ફેકલ્ટી તરીકે જિનીયસ સુપરકીડ્સના ફાઉન્ડર શ્રીમતી બીજલબેન હરખાણી આવેલ હતાં. જેમણે આ વિદ્યાર્થીઓનું અસેસમેન્ટ કરેલ. તેમજ શ્રી દિવ્યાબેન પટોરીયા દ્વારા તેમને આસિસ્ટ કરવામાં આવેલ.

## ડૉ. કુબેરભાઈ ડીંડોર



ક્રમાંક: મંત્રીશ્રી/આ.વિ.,/શિક્ષણ/ ૧૦૯ /૨૦૨૨

**મંત્રી,**
**આદિજાતિ વિકાસ, પ્રાથમિક,**
**માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ.**
ગુજરાત સરકાર,
પહેલો માળ, સ્વર્ણિમ સંકુલ–૧,
સચિવાલય, ગાંધીનગર–૩૮૨૦૧૦.
ફોન નં. : (ઓ) ૦૭૯ ૨૩૨ ૫૦૧૨૯/૩૮૦૭૫
ફેકસ નં. : ૦૭૯ ૨૩૨ ૫૦૩૦૬
તારીખ : 28 DEC 2022

**સ્નેહીશ્રી,**

**નમસ્કાર,**

આદરણીય મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલના મંત્રીમંડળમાં આદિજાતિ વિકાસ, પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણના વિભાગના કેબીનેટ મંત્રી પદે મારી વરણી થવા બદલ શુભેચ્છા અને અભિનંદનની લાગણી વ્યકત કરતો આપનો સ્નેહસભર પત્ર મળ્યાનો આનંદ વ્યકત કરું છું.

લોકલાડીલા પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીજીના સબળ નેતૃત્વ હેઠળ આપણે આપણા રાષ્ટ્રને આત્મનિર્ભર બનાવવા સૌના સાથ અને સૌના સહકારથી પુરુષાર્થ કરીએ તથા ગુજરાત રાજયના છેવાડાના માનવીનું કલ્યાણ કરવા આપણને ઈશ્વર શકિત અર્પે તેવી પ્રાર્થના કરું છું.

ગુજરાત પ્રગતિના પંથે નિરતંર આગળ ધપતું રહે તેવી અભિલાષાં સાથે, આપની શુભેચ્છા બદલ આપનો દિલથી આભાર માનું છું.

**કુશળ હશો,....**

**આપનો સ્નેહાધિન**

**(ડૉ. કુબેરભાઈ ડીંડોર)**

પ્રતિ,
**શ્રી અશ્વિનભાઈ પંડ્યા,**
માનદમંત્રીશ્રી, શ્રી શાહ ખીમચંદ લક્ષ્મીચંદ બહેરા મૂંગા શાળ–ટ્રસ્ટ,
૫૧, વિદ્યાનગર, ભાવનગર–૩૬૪૦૦૨.

In. No. 033 Secretary
Dt. 7/1/23 Director
Dep. ADM
Clerk ... O.S.



સ્વ. ભાવસાર દેવચંદભાઈ મુળજીભાઈ તળાજીયા અને સ્વ. ભાવસાર ખમાલક્ષ્મી દેવચંદભાઈ તળાજીયા

# 'અંકુર' મંદબુધ્ધિવાળા બાળકોની શાળા

✍ નેહલ ગઢવી



## સેમિનાર (નિરામયા) :

તા. ૨૧ ડિસે.`૨૨ ના રોજ ભાવનગર જિલ્લા નિરામયા હેલ્થ પોલિસી સહાયતા કેન્દ્ર અંતર્ગત, શાળામાં નેશનલ ટ્રસ્ટ એકટમાં આવતી ચાર દિવ્યાંગતા બૌધ્ધિક અક્ષમતા, ઓટિઝમ, સેરેબ્રલ પાલ્સિ અને બહુવિધ દિવ્યાંગતા ધરાવતી વ્યક્તિઓને મળતી રૂા. ૧,૦૦,૦૦૦/- લાખના વિમા કવચવાળી **નિરામયા હેલ્થ પોલિસી** અંગેનો **સેમિનાર** યોજવામાં આવ્યો હતો. આ સેમિનારમાં ભાવનગર જિલ્લાના જુદા-જુદા તાલુકામાંથી આવેલ દિવ્યાંગ સહાયતા મિત્રોને તથા D.Ed.Spl. (IDD) કોલેજના પ્રથમ વર્ષના ૩૫ લાભાર્થીઓને તાલીમ આપવામાં આવેલ. આ સેમિનારમાં શાળાના આચાર્ય, જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રી, જિલ્લા બાળ સુરક્ષા અધિકારીશ્રી ઉપસ્થિત રહેલ અને શાળાના શિક્ષક શ્રી પારસભાઈ પરમારે નિરામયા પોલિસી અંગેની સંપૂર્ણ માહિતીની જીણવટ પૂર્વક સમજૂતી આપેલ તથા શ્રી મયુરભાઈ રાઠોડે નિરામયા પોલિસીની ઓનલાઈન નોંધણી અને રીન્યુઅલ પ્રોસેસ કેમ કરવી તેનો લાઈવ ડેમો આપેલ.

## NCF (નેશનલ કરીક્યુલમ ફ્રેમવર્ક-૨૦૨૨) :

તા. ૨૧ ડિસે.`૨૨ ના રોજ સ્ટાફ મીટિંગ અંતર્ગત શાળાના માનદ મંત્રી શ્રી ડી. જે. ધંધુકિયા સાહેબની હાજરીમાં **NCF (નેશનલ કરીક્યુલમ ફ્રેમવર્ક-૨૦૨૨)** અંગે સ્ટાફ પરિવાર સાથે ચર્ચા વિચારણા થયેલ. જેમાં શિક્ષકો દ્વારા NCF માં સમાવિષ્ટ વિવિધ મુદ્દાઓ જેવા કે, એજયુકેશનલ ટોયઝ દ્વારા શિક્ષણ, ક્રિએટીવ મેથર્ડનો વધુમાં વધુ ઉપયોગ, વહેલામાં વહેલી (અર્લી ચાઈલ્ડ હુડ) તાલીમ પર વધુ ભાર આપો, જેવા વિવિધ પાસાઓ પર ગહન ચર્ચા કરવામાં આવેલ તથા મંદબુધ્ધિ બાળકોના શિક્ષણમાં તેને કઈ રીતે એપ્લાય કરી શકાય તેના વિશે મંથન કરવામાં આવેલ.

## મીટિંગ :

તા. ૧૧ જાન્યુ.`૨૩ ના રોજ માનદ મંત્રી શ્રી ડી. જે. ધંધુકિયા સાહેબ તથા આચાર્ય શ્રી મેઘજીખાન સાયબાણીની હાજરીમાં ધોરણ મુજબ દરેક શિક્ષકોએ પોતાના Class Room Activity તથા Subject Teaching વિશે માહિતી આપેલ.

## શાળાના બાળકો ડાન્સ કોમ્પિટીશનમાં ઝળકયા :

બરોડા ખાતે તા. ૨૪ ડિસે.`૨૨ ના રોજ **શૌર્ય આર્ટ ફાઉન્ડેશન** દ્વારા વિવિધ દિવ્યાંગતા જેવી કે, મંદબુધ્ધિ, સેરેબ્ર પાલ્સી અને અંધ બાળકોની સંયુકત **ડાન્સ કોમ્પિટીશન** યોજાયેલ. જેમાં કુલ ૨૧ ડાન્સ કૃતિઓની પ્રસ્તૃતિ થયેલ આ કૃતિઓ વચ્ચેની સ્પર્ધા બરોડા, અમદાવાદ, રાજકોટ, સુરત, આણંદ, અમરેલી, વલસાડ, જામનગર અને ભાવનગર જેવા શહેરોની અલગ-અલગ ટીમ વચ્ચે થયેલ. જેમાં ગ્રુપ ડાન્સનો સમાવેશ થયેલો. જે પૈકી અંકુર શાળાના કુલ ૧૪ બાળકોએ દેશભક્તિ ગીત પર ખૂબજ સરસ ડાન્સ કરી ચોથો ક્રમાંક પ્રાપ્ત કરેલ. અંકુર શાળા અને ભાવનગરનું ગૌરવ વધાર્યું છે. અંકુર શાળાના બાળકોની આ ડાન્સ કૃતિ માટેની સમગ્ર તૈયારી માટે સાંસ્કૃતિક કમિટી કો-ઓર્ડિનેટર ડૉ. ભાવનાબેન અંધારિયા, શ્રી ક્રિષ્નાબેન રૂપેરા, શ્રી જયપાલસિંહ ગોહિલ, શ્રી પારસભાઈ પરમાર તથા શ્રી હરદીપભાઈ કામળિયાએ પોતાની આગવી સૂઝ સાથે જવાબદારી નિભાવેલ. સમગ્ર સંકલન ડૉ. ભાવનાબેન અંધારિયાએ કરેલ તથા પ્રિન્સિપાલ શ્રી મેઘજીખાન સાયબાણીનું માર્ગદર્શન રહેલ.

## પતંગ વિતરણ :




તા. ૧૨ જાન્યુ.`૨૩ ના રોજ શાળામાં દર વર્ષની માફક આ વર્ષે પણ ભૂતપૂર્વ શિક્ષણ મંત્રી, ભાવનગર પશ્ચિમના ધારાસભ્ય શ્રી જીતુભાઈ વાઘાણી તરફથી શાળાના તાલીમ મેળવતા દરેક બાળકોને પતંગ-ફીરકી, બિસ્કીટ, શીંગપાક વિગેરેનું વિતરણ કરવામાં આવેલ.

## મુલાકાત :

તા. ૩ જાન્યુ.`૨૩ ના રોજ સંસ્થાના મુંબઈ સ્થિત ટ્રસ્ટી શ્રી પ્રકાશભાઈ એન. દેસાઈ તથા શ્રી નરેન્દ્રભાઈ શાહે શાળાની **મુલાકાત** લઈ સ્ટાફ પરિવાર સાથે ગોષ્ઠી કરેલ અને સુંદર કામગીરી બદલ સમગ્ર ટીમ અંકુરને અભિનંદન આપેલ.

# ભાનુવાડી વોકેશનલ ટ્રેનિંગ સેન્ટર

## એકઝીબિશન કમ સેલ :

તા. ૨૪, ૨૫ ડિસે.`૨૨ દરમિયાન ઈસ્કોન કલબ ખાતે ક્રિસમસ કાર્નિવલમાં શાળાના બાળકો દ્વારા બનાવવામાં આવેલ વિવિધ વસ્તુઓ જેવી કે, તોરણ, હેગિંગ, ડેકોરેટિવ કેન્ડલ, શોપિંગ બેગ વગેરે વસ્તુઓનું એકઝીબિશન કમ સેલનું આયોજન કરવામાં આવેલ જેનો સુંદર પ્રતિસાદ મળેલ.



# સ્વ. શશીકાંત સાકરલાલ વેલાણી
# ટિચર્સ ટ્રેનિંગ કોલેજ ફોર આઈ.ડી. ચિલ્ડ્રન

✍ ડો. ભાવિકા કામદાર



### પ્રેક્ટિકલ એકઝામ / વાઈવા :



તા. ૧૨ જાન્યુ.'૨૩ ના રોજ ટિચર્સ ટ્રેનિંગ કોલેજ બેચ વર્ષ ૨૦૨૧-૨૩ પ્રેક્ટિકલ એકઝામ તથા વાઈવા યોજાયેલ. જેમાં એક્ષર્ટનલ એકઝામિનર તરીકે શ્રી નયનભાઈ પરમાર (વલ્લભ વિદ્યાનગર) હાજર રહેલ. કો-ઓર્ડિનેટર ડૉ. ભાવિકાબેન કામદારના માર્ગદર્શન હેઠળ સમગ્ર પરીક્ષા પ્રક્રિયા સુંદર રીતે સંપન્ન થયેલ.

# વિવિધા

## ઓટિઝમ પીડિત દીકરીએ વિક્રમ સર્જ્યો

આજકાલ આપણે દિવ્યાંગોના પરાક્રમોના સમાચારો વાંચતા રહયાં છીએ. ઓટિઝમ એક એવી બીમારી છે જેમાં પીડિત વ્યક્તિ પોતાનામાં જ મસ્ત રહે છે અને બીજી વ્યક્તિ શું કરે છે, વિચારે છે કે તેને શું લાગે છે, તેની કશી પરવા નથી કરતાં.

આવીજ એક ૧૪ વર્ષની દિકરી જેનું નામ જીયા રાયે, દુનિયાની લાંબી ઓપન વોટર દરિયાઈ રીલે દરિયાઈ તરણ સ્પર્ધામાં ભાગ લઈને સૌને આશ્ચર્ય ચકિત કર્યા છે. આ સ્પર્ધા મુંબઈથી ગોવાના દરિયામાં, મુંબઈ થી ગોવા અને પરત વસઈ પોર્ટ, ડિસે. ૧૭ થી ડિસે. ૨૯ દરમિયાન યોજાયેલ અને ૧૧૦૦ કિલોમીટરની રહી હતી.

રીલે ટીમ છ સભ્યની હતી, જેમાં જીયા રોયે તરતા તરતા ૧૮૦ કિલોમીટરની દરિયાઈ મુસાફરી કરેલ. જીયા રાયને હાર્દિક અભિનંદન.

**સાભાર : ટાઈમ્સ ઓફ ઈન્ડિયા**
**સંવાહક : પીયૂષભાઈ પારાશય**

## ઈયરફોન અને ઘોંઘાટવાળા સંગીત સાંભળવા સામે લાલબતી

### એક અબજથી વધારે યુવાનો શ્રવણ શક્તિની ઘટના શિકાર બનેલ છે.

શ્રી રિયા શર્માએ પોતાના એક લેખમાં આ બાબત સહજ રીતે સમજી શકાય એવા લે-આઉટથી રજૂ કરેલ છે.

૧. ઈયરફોન લાંબા સમય સુધી વાપરવા નહીં. વાયર્ડ હેડફોન ઓછા નુકશાનકારક છે, ૪૫ મીનિટથી વધારે સતત ઉપયોગ હાનિકારક છે.
૨. યુવાનોનો આ ટેવ વધારે ભોગ લે છે.
૩. ૭૦ ડેસિબેલથી વધારે તીવ્રતાના અવાજને ટાળવા જોઈએ, એવા હેડફોન જે સાઉન્ડની તીવ્રતા બાબત જાગૃત કરે, તેવા ફોન વાપરવા ભલામણ કરેલ છે.
૪. હંમેશા ફોનના અવાજ નીચા રાખવા.

છેલ્લે તેમણે ઉમેરેલ કે, ઈ.એન.ટી. ડૉકટરો તરફથી જાણવા મળ્યું છે કે હમણાં-હમણાં હિયરીંગ લોસ-શ્રવણશક્તિ ઘટી હોવાના કેસો વધ્યા છે.

**સાભાર : ટાઈમ્સ ઓફ ઈન્ડિયા**
**સંવાહક : પીયૂષભાઈ પારાશય**

## સેરેબ્રલ પાલ્સીથી પીડાતી ૧૧ વર્ષની બાળકી રાષ્ટ્રિય સ્તરે ડ્રોઈંગ કોમ્પિટિશનમાં ઝળકી

વડોદરા-પરિવાર ૭૫% સેરેબ્રલ પાલ્સીથી પીડાતી વડોદરાની મનોદિવ્યાંગ ૧૧ વર્ષની બાળકી હેત્વી ખીમસુરીયાને **રાષ્ટ્રિય જ્ઞાનપીઠ** દ્વારા યોજાયેલી નેશનલ લેવલની ડ્રોઈંગ કોમ્પિટિશનમાં **ઈન્ડિયાઝ મોસ્ટ ટેલેન્ટેડ કિડ**નો એવોર્ડ મેળવ્યો છે. હેત્વીના પિતા કાંતિભાઈ અને માતા લીલાબેન સૌરાષ્ટ્રની સ્કૂલમાં શિક્ષક તરીકે ફરજ બજાવતા હતાં. પાંચ વર્ષ સુધીનો પથારીમાંથી ઉભી નહોતી થઈ શકતી એવી હેત્વીએ, તાજેતરમાં નાસિકમાં સ્વામી વિવેકાનંદ સેન્ટર દ્વારા યોજાયેલી **નેશનલ ક્રાફ્ટ કોમ્પિટિશન**માં **ગોલ્ડ મેડલ** મેળવ્યો હતો. હેત્વીએ ગત રક્ષાબંધન દરમિયાન પોતાના હાથે રાખડી બનાવીને વડાપ્રધાન નરેન્દ્ર મોદીને મોકલી હતી. અને પી.એમ. કાર્યાલય દ્વારા હેત્વીનો આભાર માનતો વળતો પત્ર પણ મોકલવામાં આવ્યો હતો.

**સાભાર : ગુજરાત સમાચાર**
**સંવાહક : પીયૂષભાઈ પારાશય**

# ૧ થી ૩૧ જાન્યુઆરી '૨૩ સુધીના દાતાઓની યાદી

PNR
HOPE 4 ALL

## P. N. R. SOCIETY

### 80-G

| | Rs. |
|---|---|
| M/S. Shah & Shah Associates - Ahmedabad | 1,01,000 |
| Shri Bharatbhai Anandlal Shah - Ahmedabad | 1,01,000 |
| Shri Kalpana Arvindbhai Ganatra - Pune | 11,000 |
| National Association For The Blind-Bhavnagar | 12,840 |
| B.K.Parekh Parkinson's Disease & Movment Disorder Society - Mahuva | 51,000 |
| Shri Raviraj Jodhwani - Bhavnagar | 7,000 |
| Shri Rajubhai N. Hakani - Bhavnagar | 2,100 |
| B.K.Parekh Parkinson's Disease & Movment Disorder Society - Mahuva | 51,000 |
| Shri Jatinbhai Harilal Gujarati - Vadodara | 25,000 |
| Dr.Rakesh Markandeya - Solan (H.P.) | 5,000 |
| Shri Shreyas Pracharak Sabha - Mumbai | 30,000 |
| Well Wisher - Bhavnagar | 15,000 |
| Shri Kirit Ravichandbhai Mehta - Bhavnagar | 8,000 |
| Shri Kirti Anantrai Bhuta - Mumbai | 25,000 |

## K. L. INSTITUTE FOR THE DEAF - TRUST

| | Rs. |
|---|---|
| Shri Harshadray Popatlal Parekh Chunawala - Mumbai | 5,000 |
| Shri Sweta K. Rathod - Bhavnagar | 65,000 |
| Shri Yashwant I Shah - Bhavnagar | 51,000 |
| Shri Umesh Shashikant Mehta - Mumbai | 25,000 |
| Shri Varsha Rajoo Shah - Mumbai | 20,000 |
| Shri Jyotiradityasinh Zala - Bhavnagar | 6,000 |
| Shri Navin Shah - Mumbai | 10,000 |
| Shri Bajrang Batteries - Bhavnagar | 2,500 |
| Shri Ramjibhai Kanjibhai Kalathiya-Bhavnagar | 5,000 |
| Shri Sheth Optical - Ahmedabad | 12,500 |
| Shri Sheth Optical - Ahmedabad | 12,500 |
| Late Nathalal V. Raviya - Bhavnagar | 19,000 |
| Shri Shantilal Premchand Shah - Bhavnagar | 6,000 |
| Shri Satishbhai H. Raval - Bhavnagar | 10,000 |
| Shri Satishbhai H. Raval - Bhavnagar | 5,000 |

| | |
|---|---|
| Shri Bhumit Ravindrabhai Shah - Mumbai | 1,00,000 |
| Shri Shantaben K. Rathod - Bhavnagar | 10,000 |
| Shri Shantaben K. Rathod - Bhavnagar | 1,000 |
| Shri Kamleshbhai Bhatt - Bhavnagar | 5,000 |

## ANKUR SPECIAL SCHOOL FOR M. R. CHILDREN

COMMITMENT TO EXCELLENCE

| | Rs. |
|---|---|
| Shri Preetiben Pareshbhai Shah - Mumbai | 5,00,000 |
| Shri Darsh K. Patel - Kheda | 75,000 |
| Shri Rajan Chandrakantbhai Pandya - Surat | 25,000 |
| Shri Chetan Navnitlal Shah - Mumbai | 25,000 |
| Shri Samir Shashikat Shah - Bhavnagar | 25,000 |
| Shri Daxaben P. Pandya - Bhavnagar | 25,000 |
| Shri Varshaben Rajoo Shah - Mumbai | 22,000 |
| M/S. Royal Pharma - Mumbai | 21,000 |
| Shri Roy Bharatbhai Bhikhabhai - Bhavnagar | 5,100 |
| Shri Gohil Jatinkumar Gordhanbhai - Bhavnagar | 5,100 |
| Shri Aliyani Mohmmadzaman Farukbhai-Bhav. | 4,500 |
| Shri Rathod Minal Nareshbhai - Bhavnagar | 4,000 |
| Shri Ishwarbhai R. Khandwala - Mumbai | 3,500 |
| Shri Jaypalsinh Jilubha Gohil - Bhavnagar | 3,300 |
| Shri Pankajbhai Ghetiya - Rajkot | 2,000 |
| Shri Chauhan Harpalsinh Jesingbhai - Bhavnagar | 1,500 |
| Shri Shan Ronak Mehta - Bhavnagar | 1,500 |
| Shri Chauhan Bansi Sureshbhai - Bhavnagar | 1,152 |
| Shri Bhojwani Ayush Kishanbhai - Bhavnagar | 1,100 |
| Shri Rathod Dhruv Satishbhai - Bhavnagar | 1,100 |
| Shri Chavda Pradipbhai Kantibhai - Bhavnagar | 1,000 |
| Shri Trivedi Gopalbhai - Bhavnagar | 1,000 |
| Shri Amitkumar Kapilrai - Bhavnagar | 1,000 |
| Shri Udaybhai Prafulbhai Rathod - Bhavnagar | 1,000 |

## BHAVNAGAR NAVJAWAN SANGH
## V.C. Lodhawala & Pratapbhai Parekh Ployclinic

| | Rs. |
|---|---|
| Shri D. K. Ajmera Foundation Trust - Mumbai | 4,00,000 |
| M/S. Veeraco Colourants Private Limited - Mumbai | 8,50,000 |

## PNR સોસાયટીમાં લોકાર્પણ કાર્યક્રમ

કોરોના કાળના બે વર્ષ બાદ કરતા, લગભગ દર વર્ષે ઉદાર દિલ દાતાઓના સહકારથી PNR અને સંલગ્નિત સંસ્થાઓના વિવિધ પ્રોજેકટોનું ઉદ્દઘાટન દર વખતે જાન્યુ.માં થતું, આ વર્ષે પણ એ પરંપરા જાળવી ૧૫ ઉપરાંત વિવિધ પ્રોજેકટોનું ઉદ્દઘાટન તા. ૧૯ ફેબ્રુઆરી `૨૩, સાંજના ૫ થી ૭-૩૦ દરમિયાન, પ. પૂ. જ્ઞાનવત્સલ સ્વામીજી (વિધ્વાન વકતાશ્રી), અતિથિવિશેષ શ્રી મોહનભાઈ પટેલ (ઉદ્યોગપતિ, પૂર્વ શેરીફ, મુંબઈ), શ્રી નરેશભાઈ વેદ (પૂર્વ વા. ચાન્સેલર, મહા. કૃષ્ણકુમારસિંહજી ભાવનગર યુનિ.), દાતાશ્રીઓ, સંસ્થાના ટ્રસ્ટીગણ, આમંત્રિત મહેમાનો વિ. ની ઉપસ્થિતમાં યોજાનાર છે.જેમાં મુખ્ય દાતા શ્રી કે. એન. શાહ. ચેરિટેબલ ટ્રસ્ટના દાનથી, શ્રી કે. એન. શાહ હાઈટેક ઈન્કલુઝિવ સ્કૂલ તથા અન્ય પ્રોજેકટો જેવા કે સોલાર રૂપટોપ, ફાયર સેફિટ પ્રોજેકટ તથા નવા સાધનો વિગેરેના ઉદ્દઘાટનો મુખ્ય છે.




સ્લો-લર્નર પ્રોજેક્ટ
અમરેલી...




મેગા
એસેસમેન્ટ
કેમ્પ...

# પી.એન.આર. સોસાયટી તસ્વીર સમાચાર



પીએટા દ્વારા સી.પી. સ્કૂલને ટ્રોફી...




ચિત્ર સ્પર્ધામાં
વિજેતા
વિદ્યાર્થીની...



સી.પી. સ્કૂલનો
પોઈચા-સ્ટેચ્યુ ઓફ
યુનિટી પ્રવાસ




'કાંકરિયા કાર્નિવલ' માં
દિશા કમ વિકાસના બાળકો...



શ્રી સૂર્યકાંતભાઈની VCL માં મંત્રી તરીકે વરણી...



ડાન્સ કોમ્પિટીશનમાં 'અંકુર'ના બાળકો...

Koshish Thi Kamyabi ◆ RNI No. GUJGUJ/2013/48176 ◆ Postel Reg. No. L2/36/RNP/BVR-414/2022-24 ◆ Monthly
Date of Publication : 15 Feb.- 2023 ◆ Posted at 20th of every month at BHAV.RMS ◆ Subscription Rs. 150 per year (12 Issue) ◆ Total Page : 32





Hindustan Pencils Pvt. Ltd. 510, Himalaya House, Mumbai - 400 001 Tel.: 91-22-22614505/06/07
Email: feedback@hindustanpencils com